

# ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઈ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૨ અંક : ૪ તા.૧૭.૦૭.૨૦૨૪, બુધવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 4 Dt. 17-07-2024, Wednesday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


**સુવિચાર**

અનુમાન આપણા મનની કલ્પના છે, અને અનુભવ આપણા જીવનનો પાઠ છે!

# હવે બસ... એક મહિનામાં ૭ આતંકી હુમલા, વધુ પાંચ શહીદ!

**જમ્મુ વિસ્તારમાં ફરી આંતકવાદી પ્રવૃતિ વધી છે. અને તેમાં આપણા દેશના રક્ષક જવાનો શહીદ થઈ રહ્યા છે. માત્ર ૩ વર્ષમા અહી ૫૦ થી વધુ જવાનો શહીદ થયા છે ત્યારે હવે આંતકવાદ સામે કડક હાથે કામ લેવાની જરૂર હોય તેવુ લાગી રહ્યુ છે. સોમવારે ડોડોમાં આંતકી હુમલામાં સેનાના કેપ્ટન સહિત ચાર જવાન શહીદ થયા છે.સાથે એક પોલીસકર્મીનું પણ મોત થયુ છે. જે બાદ સર્ચ ચાલુ છે.**

જમ્મુ-કાશ્મીર, તા.૧૬

જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લાના ડેસામાં આતંકવાદીઓના ગોળીબારમાં સેનાના કેપ્ટન સહિત ચાર જવાન શહીદ થયા છે. એક પોલીસકર્મીનું પણ મોત થયું છે,આમ આંતકી સાથે અથડામણમાં કુલ ૫ લોકોએ જીવ ગુમાવ્યા છે.રાષ્ટ્રીય રાઈફલ્સ અને જમ્મુ-કાશ્મીર પોલીસ સોમવારથી અહીં સર્ચ-ઓપરેશન ચલાવી રહી હતી.સર્ચ દરમિયાન આતંકવાદીઓ ફાયરિંગ કરતાં કરતાં ભાગી ગયા હતા. ગાઢ જંગલને કારણે તેઓ ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. સોમવારે રાત્રે ૯ વાગ્યાની આસપાસ ફરી ગોળીબાર થયો હતો, જેમાં પાંચ જવાન ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમનાં સારવાર દરમિયાન મોત નીપજ્યાં હતાં.શહીદ થયેલા રાષ્ટ્રીય રાઈફલ્સના જવાનોમાં કેપ્ટન બ્રિજેશ થાપા પશ્ચિમ બંગાળના દાર્જીલિંગના હતા અને કોન્સ્ટેબલ બ્રિજેન્દ્ર અને કોન્સ્ટેબલ અજય રાજસ્થાનના ઝુંઝુનુના હતા.રક્ષામંત્રી રાજનાથ સિંહે આર્મી ચીફ પાસેથી એન્કાઉન્ટરની માહિતી લીધી છે. જમ્મુ ડિવિઝનના ડોડામાં ૩૪ દિવસમાં આ પાંચમું એન્કાઉન્ટર છે. અગાઉ ૯મી જુલાઈએ એન્કાઉન્ટર થયું હતું. અહીં ૨૬ જૂને બે અને ૧૨ જૂને ૨ હુમલા થયા હતા. આ પછી સુરક્ષાદળો અને આતંક વાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી, જેમાં ત્રણ આતંકી માર્યા ગયા હતા. સાથે સંરક્ષણમંત્રી રાજનાથ સિંહએ જણાવ્યુ હતુ કે આતંકવાદવિરોધી કામગીરી માં ભારતીય સેનાના આપણા બહાદુર અને હિંમતવાન સૈનિકોનાં મૃત્યુથી ખૂબ જ દુ:ખી છું. મારી સંવેદના શોકગ્રસ્ત પરિવારો સાથે છે. દેશ તેમની સાથે મજબૂતીથી ઊભો



છે. કાશ્મીરી ટાઈગર્સે આ હુમલાની જવાબદારી લીધી છે. કાશ્મીરી ટાઈગર્સ પાકિસ્તાનના આતંકવાદી ગ્રુપ જૈશે-એ-મોહમ્મદની ભગીની સંસ્થા છે. આર્મીએ કુપવારા જિલ્લાની લાઈન ઓફ કન્ટ્રોલ પરથી ભારતમાં ઘુસણખોરી કરવાની કોશિશ કરતા ત્રણ આતંકીઓને ૧૪ જુલાઈએ ઠાર કર્યા હતા. કઠુઆમાં ૮ જુલાઈએ આર્મીના કાફલા પર આતંકીઓએ હુમલો કર્યો હતો. જેમાં ૫ જવાનોના મોત થયા હતા. ૬ જુલાઈના રોજ છ આતંકીઓના એન્કાઉન્ટરમાં મોત થયા હતા. આ એન્કાઉન્ટરમાં બે જવાનોના પણ મોત થયા હતા.તાજેતરમાં કઠુઆમાં સેનાના કાફલા પર હુમલાની જવાબદારી લીધી હતી. જમ્મુ ડિવિઝનના ડોડામાં એક મહિનામાં આતંકવાદીઓ સાથે એન્કાઉન્ટરની આ પાંચમી ઘટના છે.

## રાજનાથસિંહના કડક કાર્યવાહી આદેશ

જમ્મુના ડોડામાં થયેલા આતંકવાદી હુમલાને લઈને ભારત સરકાર કડક મૂડમાં છે. મંગળવારે (૧૬ જુલાઈ ૨૦૨૪) ના રોજ થયેલા આ હુમલા બાદ સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી સાથે ફોન પર વાત કરી. તેમણે આર્મી ચીફને આતંકવાદી ઘટનાઓ સાથે કડકાઈથી વ્યવહાર કરવા સૂચના આપી હતી.માહિતી મુજબ રાજનાથ સિંહે જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીને ફોન કરીને કહ્યું કે આતંકવાદીઓ અને તેમના સંગઠનોને લઈને કોઈ પણ પ્રકારની ઢીલ ન રાખવી જોઈએ. સાથે આર્મી ચીફ પાસેથી ડોડામાં આતંકીઓ સાથે ચાલી રહેલા એન્કાઉન્ટરની માહિતી લીધી હતી. આર્મી ચીફને યોગ્ય કાર્યવાહી કરવા માટે કહેવામાં આવ્યું છે.સેનાના અધિકારીઓએ જણાવ્યું કે રાષ્ટ્રીય રાઈફલ્સ અને જમ્મુ અને કાશ્મીર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના જવાનોએ બપોરે લગભગ ૨.૪૫ વાગ્યે દેસા ફોરેસ્ટ વિસ્તારના ધારી ગોટે ઉરબાગીમાં સંયુક્ત કોર્ડન અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું, ત્યારબાદ એન્કાઉન્ટર શરૂ થયું. આતંકવાદીઓની ગોળીઓથી અમારા જવાનો ઘાયલ થયા હતા.સેનાના અધિકારીઓનું કહેવું છે કે આતંકીઓ સાથે કામ કરવા માટે કોર્ડન મજબૂત કરવામાં આવ્યું છે. સૈનિકોને મજબૂત સમર્થન આપવા માટે વધારાના દળોને વિસ્તારમાં મોકલવામાં આવ્યા છે. સર્ચ ઓપરેશન અને એન્કાઉન્ટર હજુ પણ ચાલુ છે.

## છેલ્લા ૩૨ મહિનામાં અનેક જવાન શહીદ !

૩૨ મહિનામાં જમ્મુ ક્ષેત્રમાં ૪૦ થી વધુ સૈનિકો કાર્યવાહીમાં શહીદ થયા છે.અહેવાલો સૂચવે છે કે ૬૦ થી વધુ વિદેશી આતંકવાદીઓ-જંગલ યુદ્ધમાં પ્રશિક્ષિત-એકલા જમ્મુ ક્ષેત્રમાં કાર્યરત હોઈ શકે છે, પ્રાંતના તમામ ૧૦ જિલ્લાઓમાં ભયનો પડછાયો ફેલાયો છે.બદનોટામાં આતંક વાદી હુમલાના એક સપ્તાહની અંદર સેનાએ આ વિસ્તારના તમામ વિસ્તારોમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવાનું શરૂ કરી દીધું છે.૧૫ જૂને મછેડીમાં સેનાની ૨૨ ગઢવાલ રાઈફલ્સ તૈનાત કર્યા બાદ હવે સેનાએ લોહાઈ ગામમાં પણ એક પોસ્ટ તૈયાર કરી છે.મહેબૂબા મુફ્તીએ હુમલા પછી નિવેદન આપ્યુ છે કે ૩૨ મહિનામાં લગભગ ૫૦ સૈનિકે જીવ ગુમાવ્યા છે. વર્તમાન ડીજીપી રાજકીય રીતે બાબતોને સુધારવામાં વ્યસ્ત છે. તેમનું કામ પીડીપીને તોડવાનું, લોકોને, પત્રકારોને હેરાન કરવાનું અને લોકોને ધમકાવવાનું છે.સંરક્ષણમંત્રી અને ગૃહમંત્રીએ આ તરફ ધ્યાન આપવું જોઈએ.તેવી પણ માંગ કરી હતી.

## હુમલા માટે ભાજપની નીતિઓ જવાબદાર : રાહુલ

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ ઘટનાને લઈને કેન્દ્રમાં સત્તા પર રહેલી ભાજપ પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ જમ્મુ-કાશ્મીરમાં બની રહેલી આ ઘટનાઓ માટે સીધી રીતે ભાજપની નીતિઓને જવાબદાર ગણાવી હતી.આજે ફરી એકવાર જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી અથડામણમાં આપણા જવાનો શહીદ થયા છે. શહીદોને મારી નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરીને, હું શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. એક પછી એક આવી ભયાનક ઘટનાઓ અત્યંત દુ:ખદ અને ચિંતાજનક છે. આ સતત આતંકવાદી હુમલાઓ જમ્મુ-કાશ્મીરની જર્જરિત સ્થિતિને ઉજાગર કરી રહ્યા છે. ભાજપની ખોટી નીતિઓનું પરિણામ આપણા સૈનિકો અને તેમના પરિવારજનો ભોગવી રહ્યા છે.રાહુલ ગાંધીએ કહ્યું કે દરેક દેશપ્રેમી ભારતીયની માંગ છે કે સરકાર વારંવાર સુરક્ષામાં થતી ભૂલોની સંપૂર્ણ જવાબદારી લે અને દેશના ગુનેગારો અને તેના સૈનિકો સામે કડક કાર્યવાહી કરે. દુ:ખની આ ઘડીમાં સમગ્ર દેશ આતંકવાદ સામે એકજુટ છે.તો અનેક રાજકીય નેતાઓએ આ અંગે પ્રતિક્રિયા આપી આંતક સામે કડક કાર્યવાહી માટે જણાવ્યુ હતુ આ મામલે ભાજપે રાહુલ ગાંધી પર વળતો પ્રહાર કર્યો છે. ભાજપે કહ્યું કે આ રાજકારણનો સમય નથી.

## રાજકીય પક્ષોના કારણે આતંકીઓ ઘૂસ્યાંઃ ડીજીપી

જમ્મુ-કાશ્મીરના ડીજીપી આરઆર સ્વેને ઘાટીની પ્રાદેશિક પાર્ટીઓ પર મોટો આરોપ લગાવ્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે,આ પાર્ટીઓના કારણે જ પાકિસ્તાની આતંકવાદીઓ કાશ્મીરમાં ઘૂસણખોરી કરવામાં સફળ થયા છે. તેમણે એ પણ આરોપ લગાવ્યો કે,મુખ્યધારાની રાજકીય પાર્ટીઓએ આતંકી નેતાઓને તૈયાર કર્યા જેથી તેઓ ચૂંટણીમાં સારું પ્રદર્શન કરી શકે.તેમણે આરોપ લગાવ્યો કે, અહીં પાર્ટીઓએ વોટ મેળવવા માટે આતંકવાદને પ્રોત્સાહન આપ્યું. ડીજીપીએ જણાવ્યું કે, ઘાટીમાં કહેવાતા મુખ્યધારા અથવા પ્રાદેશિક રાજકારણના કારણે પાકિસ્તાન કાશ્મીરમાં ઘૂસણખોરી કરવામાં સફળ રહ્યું છે.એ દર્શાવવા માટે પર્યાપ્ત પુરાવા છે કે, ઘણા લોકોએ સસલાં સાથે દોડવાની અને ભેડિયા સાથે શિકાર કરવાની કલા શીખી લીધી હતી, જેના કારણે સામાન્ય માણસ અને સુરક્ષા દળ બંને જ ડરી ગયા હતા અને મૂંઝવણમાં મૂકાઈ ગયા હતા. હવે ડીજીપીના આ આરોપથી ખળભળાટ મચી ગયો છે.સુરક્ષા દળો દ્વારા ઠાર કરવામાં આવેલા આતંકવાદીઓના ઘરે જવું અને સાર્વજનિક રીતે તેમના પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરવી આ લોકો માટે સામાન્ય બાબત છે. તો બીજી તરફ ડીજીપી સામે મહેબુબા મુફ્તીએ અનેક ગંભીર આક્ષેપ કર્યા છે.

## છગન ભુજબળ પછી અજિત પવારની પત્નીએ શરદ પવારની મુલાકાત કરી

મહારાષ્ટ્રમાં ફરી એકવાર રાજકીય રમત રમાઈ હોવાની આશંકા સેવાઈ રહી છે. એવું માનવામાં આવે છે કે આ વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા મહારાષ્ટ્રમાં ફરી એકવાર મોટો ફેરફાર જોવા મળી શકે છે. વાસ્તવમાં તેનું કારણ અજિત પવાર જૂથના નેતાઓની શરદ પવાર સાથેની બેઠકો છે. સોમવારે (૧૫ જુલાઈ), જ્યારે એનસીપી (અજિત જૂથ)ના વરિષ્ઠ નેતા છગન ભુજબળ શરદ પવારને મુંબઈમાં તેમના નિવાસસ્થાન સિલ્વર ઓકમાં મળ્યા હતા, ત્યારે આજે અજિત પવારના પત્ની સુનેત્રા પવાર પણ શરદ પવારના નિવાસસ્થાને પહોંચ્યા હતા. અજિત પવારના પત્ની અને રાજ્યસભા સાંસદ સુનેત્રા પવાર આજે પૂણેના મોદી બાગ પહોંચ્યા હતા. સાંસદ સુનેત્રા પવાર મોદી બાગમાં એક કલાકથી વધુ સમય રોકાયા હતા. તે સમયે શરદ પવાર પણ મોદી બાગમાં હાજર હતા. જો કે સુનેત્રા પવાર મોદી બાગમાં કોને મળ્યા હતા અને શું ચર્ચા થઈ હતી તે જાણવા મળ્યું નથી. પરંતુ સુનેત્રા પવાર અને શરદ પવારની કલાકો સુધી એક જ સમયે અને એક જ જગ્યાએ હાજરીએ મહા રાષ્ટ્રના રાજકારણને ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધું છે. મહારાષ્ટ્રના રાજકારણમાં, અજિત પવારની પત્ની સુનેત્રા પવાર બારામતીથી છે, તેમણે આ બેઠક પરથી તેમની ભાભી અને શરદ પવારની પુત્રી સુપ્રિયા સુલે સામે ચૂંટણી લડી હતી. પરિવારના બે સભ્યો વચ્ચે ચૂંટણી લડાઈને કારણે લોકસભાની ચૂંટણી માં બારામતી બેઠક સૌથી ગરમ બેઠકો પૈકીની એક હતી. ભાભી અને ભાભી વચ્ચેની ચૂંટણી લડાઈએ સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું હતું, જોકે સુનેત્રા પવાર આ ચૂંટણી હારી ગયા હતા. સુપ્રિયા સુલેએ તેમને લગભગ ૧.૫ લાખ મતોથી હરાવ્યા હતા.

## સુપ્રીમ કોર્ટને મળ્યા ૨ નવા જજ, રાષ્ટ્રપતિ નિમણૂકને આપી મંજૂરી

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂએ મંગળવારે સુપ્રીમ કોર્ટમાં બે નવા જજોની નિમણૂકને મંજૂરી આપી દીધી છે. જસ્ટિસ એન. કોટીશ્વર સિંહ અને જસ્ટિસ આર. મહાદેવનની સુપ્રીમ કોર્ટમાં નિમણૂકને મંજૂરી મળી છે. નિમણૂક બાદ જસ્ટિસ સિંહ મણિપુરમાંથી સુપ્રીમ કોર્ટના જજ બનનાર પ્રથમ વ્યક્તિ હશે. હકીકતમાં, સુપ્રીમ કોર્ટ કોલેજિયમે કેન્દ્ર સરકારને જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટ ના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ એન કોટીશ્વર સિંહ અને મદ્રાસ હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ આર. મહાદેવનને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવાની ભલામણ કરી હતી. મુખ્ય ન્યાયાધીશ ડી.વાય.ચંદ્રચુડ ના નેતૃત્વ હેઠળના કોલેજિયમે ૧૧ જુલાઈએ તેમના નામોની ભલામણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા સહિત ૩૪ જજોના પદોને મંજૂરી આપવામાં આવી છે. આ બંને શપથ ગ્રહણ કર્યા બાદ જજની તમામ જગ્યાઓ ભરવામાં આવશે. સુપ્રીમ કોર્ટના કોલેજિયમના અન્ય સભ્યોમાં જસ્ટિસ સંજીવ ખન્ના, બી.આર.ગવઈ, સૂર્યકાંત અને હૃષિકેશ રાય છે. સુપ્રીમ કોર્ટમાં હાલમાં ૩૨ જજ છે. જસ્ટિસ સિંહનો જન્મ ૧ માર્ચ, ૧૯૬૩ના રોજ મણિપુરના ઈમ્ફાલમાં થયો હતો. તેમના પિતાનું નામ (સ્વર્ગસ્થ) જસ્ટિસ એન. ઈબોટોમ્બી સિંહ હતું, જે ગુવાહાટી હાઈકોર્ટના પ્રથમ એડવોકેટ જનરલ હતા અને તેમના પિતાનું નામ એન. ગોમતી દેવી હતું.

## ખેડૂતો દિલ્હી કૂચ કરવા તૈયાર, હરિયાણા સરકાર ફરી સુપ્રીમ કોર્ટ પહોંચી,

છેલ્લા પાંચ મહિનાથી બંધ પડેલી શંભુ બોર્ડર ખોલવાના મુદ્દે હાઈકોર્ટના નિર્ણય બાદ બંને તરફથી ગતિવિધિઓ વધી ગઈ છે. જ્યાં એક તરફ ખેડૂતોએ દિલ્હી કૂચની તૈયારીઓ શરૂ કરી દીધી છે, તો બીજી તરફ હરિયાણા સરકાર ફરી સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. હરિયાણા સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી સ્પેશિયલ લીવ પિટિશન પર આ અઠવાડિયે સુનાવણી થઈ શકે છે. હરિયાણા સરકાર દ્વારા ગયા અઠવાડિયે એસએલપી દાખલ કરવામાં આવી હતી. હરિયાણા સરકાર પણ ખેડૂતોની રણનીતિ પર નજર રાખી રહી છે. આ સાથે હરિયાણા સરકાર પણ કેન્દ્રના સંપર્કમાં છે. મહેન્દ્રગઢમાં આ મુદ્દે સૈની સરકાર અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વચ્ચે વાતચીત થવાની પણ શક્યતા છે. હરિયાણા સરકારના એક અધિકારીએ કહ્યું કે સરકાર આ મુદ્દે ખેડૂત સંગઠનોના પ્રતિનિધિઓ સાથે પણ વાત કરી શકે છે. પરંતુ તે પહેલા તે એસએલપી પર સુનાવણી અને ખેડૂત સંગઠનોના નિર્ણયની રાહ જોશે. સરકાર આ મુદ્દે ઉતાવળમાં કોઈ નિર્ણય લેવાના મૂડમાં નથી. હરિયાણા સરકારના વરિષ્ઠ એડિશનલ એડવોકેટ જનરલ લોકેશ સિંહલે કહ્યું કે આ અઠવાડિયે સુપ્રીમ કોર્ટમાં એસએલપીની સુનાવણી થઈ શકે છે. આના પર હરિયાણા રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની જોરદાર હિમાયત કરશે.

# ગંગાનું વધ્યુ જળસ્તર...ગુજરાત-મહારાષ્ટ્રમાં રેડ એલર્ટ

**દેશના અનેક રાજ્યો હાલ વરસાદ બાદ પુરની સ્થિતીનો સામનો કરી રહ્યા છે તેવામાં હવામાન વિભાગે હજુ પણ અનેક રાજ્યોમાં ભારે વરસાદની આગાહી કરી છે. ખાસ કરીને મહારાષ્ટ્ર-ગુજરાતમાં ભારે વરસાદ પડી શકે છે. આ તરફ નદીના જળસ્તર વધતા અનેક વિસ્તારોમાં પુરની સ્થિતી નિર્માણ પામી શકે છે અને લાખો લોકોને અસર થઇ શકે છે જેને લઈને તંત્ર સજ્જ છે.**

નવીદિલ્હી, તા.૧૬

દેશમાં વરસાદે ભારે તબાહી મચાવી છે. અત્યાર સુધી ભારે વરસાદની કારણે લાખો લોકો પ્રભાવીત થયા છે ત્યારે હવુ પણ વરસાદ અને ત્યાર બાદ નદીમાં નવા નીરની આવકને કારણે અનેક વિસ્તારોમાં જળસ્તરે લોકોની ચિંતા વધારી છે.ઉત્તર પ્રદેશના ૨૦ જિલ્લામાં પૂરની સ્થિતિ છે. નેપાળ સરહદની નદીઓની સાથે ગંગા પણ વહેતી થઈ છે. વારાણસીમાં ગંગાનું જળસ્તર દર કલાકે વધી રહ્યું છે.જેને કારણે અનેક વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા છે. બીજી તરફ બિહારમાં પણ ઘણા વિસ્તારોમાં પૂરની સ્થિતિ યથાવત છે. મુઝફ્ફરપુરમાં સ્થિતિ સૌથી ખરાબ છે. કટરા બ્લોકમાં બાગમતી અને લખંડેઈ નદીઓ તણાઈ રહી છે. બકુચી, પટારી, અંદામા, બસઘટ્ટા, નવાદા, ગંગેયાના ૫૦ હજારથી વધુ ગામોની વસ્તી પૂરના પાણીથી ઘેરાઈ ગઈ છે.વામાન વિભાગે ઉત્તરાખંડ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આંદામાન અને નિકોબારમાં ભારે વરસાદની આગાહી કરી છે. તે જ સમયે IMD એ ઓડિશા, ગોવા, મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, મધ્ય પ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી છે.

ગોરખપુરમાં રાપ્તી નદી ખતરાના નિશાનથી આગળ વહી રહી છે. રસ્તાઓ પર હોડીઓ ફરી રહી છે. ૩૦ ગામો પાણીમાં ડૂબી ગયા છે. ગૃહમંત્રી અમિત શાહે પણ સોમવારે સીએમ યોગી સહિત બે રાજ્યોના મુખ્યમંત્રી અંગે ભારે વરસાદ સાથે પૂરની સ્થિતિ અંગે ચર્ચા કરી હતી.ગુજરાતના અલગ અલગ જિલ્લામાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદ બાદ હવે સૌરાષ્ટ્રમાં સારો એવો વરસાદ વરસી રહ્યો છે. ત્યારે આજે રાજકોટમાં સાંજ પછી ધોધમાર વરસાદ શરૂ થયો હતો. જૂનાગઢ અને જામનગરમાં પણ આજે ધોધમાર વરસાદ પડ્યો હતો.ગુજરાતમાં હાલ ચોમાસાની ત્રણ ત્રણ સિસ્ટમ એકસાથે સક્રિય થઈ છે. જેના કારણે દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદ વરસી રહ્યો છે. હવે હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. એવામાં આવતીકાલે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદ વરસી શકે છે.

## 'ક્યાંક ને ક્યાંક તો ભ્રષ્ટાચાર થયો છે : ચિરાગ પાસવાન

બિહાર, તા.૧૬

કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને પોતાના વિચાર મૂક્યા છે. સાંસદ ચિરાગે કહ્યું કે આ મુદ્દે જવાબદારી નક્કી થવી જ જોઈએ.તેમણે વધુમાં કહ્યું, ગુણવત્તા સાથે જો સમાધાન થયું છે તો તેનો અર્થ છે કે ક્યાંક ને ક્યાંક તો ભ્રષ્ટાચાર થયો છે. ઉલ્લેખનીય છે કે બિહારમાં આ પુલોનો મામલો સુપ્રીમ કોર્ટ સુધી પણ પહોંચી ગયો છે. સુપ્રીમ કોર્ટમાં આ મુદ્દે એક અરજી દાખલ કરવામાં આવી છે ચોમાસાનો વરસાદ શરૂ થતાં જ બિહાર ચર્ચામાં આવી ગયું હતું. તેનું કારણ હતું ત્યાં નદીઓ પર બનેલા પુલોનું સતત ધરાશાયી થવું. ત્યાં ગત ૧૫ દિવસોમાં અલગ-અલગ નદીઓ પર બનેલા ડઝન પુલ પાણીમાં સમાઈ ગયા. આ પુલોના પાણીમાં છપાક થઈ ગયા બાદ હવે કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને પોતાના વિચાર મૂક્યા છે. જમુઈથી સાંસદ ચિરાગે કહ્યું કે આ મુદ્દે જવાબદારી નક્કી થવી જ જોઈએ.

લોજપાના અધ્યક્ષ ચિરાગ પાસવાન ઘણા મુદ્દા પર ખુલીને વાત કરતાં નજર આવ્યા. બિહારમાં પુલ પડવા પર ચિરાગે કહ્યું, જે રીતે રાજ્યમાં પુલ પડી રહ્યાં છે. એક બાદ એક રીતે તેની જવાબદારી નક્કી થવી જ જોઈએ. તેમણે વધુમાં કહ્યું, ગુણવત્તા સાથે જો સમાધાન થયું છે તો તેનો અર્થ છે કે ક્યાંક ને ક્યાંક તો ભ્રષ્ટાચાર થયો છે.

ઉલ્લેખનીય છે કે બિહારમાં આ પુલોનો મામલો સુપ્રીમ કોર્ટ સુધી પણ પહોંચી ગયો છે. સુપ્રીમ કોર્ટમાં આ મુદ્દે એક અરજી દાખલ કરવામાં આવી છે. અરજીમાં નિર્માણાધીન પુલોનું ઓડિટ કરાવવાની માગ સાથે-સાથે એ પણ કહેવામાં આવ્યું છે કે કમજોર અને જૂના પુલોનું ફરીથી નિર્માણ કરાવવામાં આવે.

## સુપ્રીમ કોર્ટે CBI-EDને નોટિસ ફટકારી, ૨૯ જુલાઈએ સુનાવણી

નવી દિલ્હી, તા.૧૬

દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા મનીષ સિસોદીયાની જામીન અરજી પર સુપ્રીમ કોર્ટેમાં મંગળવારે સુનાવણી થઈ હતી. દિલ્હી લીકર પોલીસી મામલામાં જેલમાં બંધ સિસોદિયાની અરજી પર સુપ્રીમ કોર્ટે સીબીઆઈ અને ઈડીને નોટીસ ફટકારી છે. મનીષ સિસોદિયાએ બંને તપાસ એજન્સીઓ દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં જામીન માંગ્યા છે. આ મામલામાં વધુ સુનાવણી હવે ૨૯ જુલાઈએ થશે.

લીકર પોલીસી સાથે જોડાયેલા મની લોન્ડ્રિંગ કેસમાં ઈડીએ સિસોદિયા ઉપર કેસ નોંધાવ્યો છે. જ્યારે સીબીઆઈએ ભ્રષ્ટ્રાચારના કેસમાં આપ નેતા પર કેસ નોંધાવ્યો છે. દિલ્હી લીકર પોલીસીને હવે રદ કરવામાં આવી છે. જોકે તેમાં કથિત કૌભાંડના આરોપમાં આપના ઘણા નેતા જેલમાં છે. દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના ચીફ અરવિંદ કેજરીવાલ પણ લીકર પોલીસી મામલામાં જેલમાં બંધ છે. રાજ્યસભા સાંસદ સંજય સિંહ પણ આ કેસમાં જેલમાં જઈ ચુક્યા છે અને હાલ જામીન પર બહાર છે.

સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ બીઆર ગવઈ, જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ કેવી વિશ્વનાથનની ખંડપીઠે મનીષ સિસોદિયાની જામીન અરજી પર સુનાવણી કરી હતી. આપ નેતા તરફથી હાજર થયેલા વકીલ વિવેક જૈને દલીલ કરી હતી કે તેમના અસીલ છેલ્લા ૧૬ મહીનાથી જેલમાં બંધ છે. તેમની વિરુદ્ધ કેસ તે સ્ટેજમાં છે, જેવો તે ઓક્ટોબર ૨૦૨૩માં હતો. ગત ઓક્ટોબરમાં કોર્ટે કહ્યું હતું કે જો કેસ આગળ વધતો નથી, તો સિસોદિયા જામીન માટે અપ ીલ કરી શકે છે. સુપ્રીમ કોર્ટની ખંડપીઠે સિસોદિયાના વકીલની દલીલો સાંભળ્યા પછી કેન્દ્રીય તપાસ એજન્સી એટલે કે ઈડી અને સીબીઆઈને નોટીસ ઈસ્યુ કરી અને તેની પાસેથી જવાબ માંગ્યો છે. કોર્ટે આ મામલામાં વધુ સુનાવણી ૨૯ જુલાઈએ નક્કી કરી છે.

# શુ ઉત્તરપ્રદેશના રાજકારણમાં નવાજુની થશે !

**લોકસભાની ચુંટણી પરિણામો પછી ભાજપ માટે જ્યા સૌથી ખરાબ પરિણામ આવ્યુ તેવા ઉત્તરપ્રદેશનુ રાજકારણ આજકાલ ગરમાયુ છે. ખાસ કરીને ભાજપે કરેલી હારની સમિક્ષામાં અનેક ચોંકવનારા કારણો સામે આવ્યા બાદ મુખ્યમંત્રી બદલાવની વાતો ચાલી રહી છે જો કે તેમા ભાજપ સફળ નહી જાય તેવુ રાજકીય નિષ્ણાંતોનુ માનવુ છે પરંતુ તેને લઈને રાજકારણ હાલ ગરમાયુ છે.**

ઉત્તર પ્રદેશ, તા.૧૬

ઉત્તર પ્રદેશમાં લોકસભાની ચૂંટણીમાં ભાજપની હારનાં કારણોની સમીક્ષા કરવા બોલાવાયેલી બેઠકમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય વચ્ચે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડાની હાજરીમાં તડાફડી થઈ ગયા હોવાનુ ચર્ચાય છે. આમ તો લોકસભા ચુંટણી સમયથી આ મુદ્દો ચર્ચામાં છે કેમકે આપના અરવિંદ કેજકીવાલે પણ આ અંગે એક નિવેદન આપતા ભારે રાજકારણ ગરમાયુ હતુ. યુપીમાં ભાજપ સંગઠન અને સરકાર સામસામે આવી ગયાં હોવાનું આ બેઠક બાદ કહેવાઈ રહ્યુ છે. સુત્રોનુ માનીએ તો યોગીએ આડકતરી રીતે ભાજપની હાર માટે નરેન્દ્ર મોદીને જવાબદાર ગણાવીને સાફ શબ્દોમાં કહ્યું છે કે, ભાજપ અતિ આત્મવિશ્વાસને કારણે હાર્યો છે. યોગી આદિત્યનાથને સ્થાને કેશવ પ્રસાદ મૌર્યને બેસાડવાનો તખ્તો ઘડવા માટેની હાઈકમાન્ડની તૈયારી હતી પરંતુ હાલ યોગીએ જે રીતે આક્રમક રીતે હારના કારણો અંગે જે વાત કહી છે તેનાથી હવે શુ થશે તેના તરફ રાજકીય નિષ્ણાંતો નજર રાખી બેઠા છે. બેઠકમાં ભાજપના મંત્રીઓ અને ધારાસભ્યોએ પ્રશ્નો ઉઠાવ્યા હતા. સહયોગી અને મંત્રી સંજય નિષાદની સાથે વિધાન પરિષદના સભ્ય દેવેન્દ્ર પ્રતાપ સિંહે નોકરશાહી પર સવાલો ઉઠાવ્યા છે. આ પહેલાં ધારાસભ્ય રમેશ મિશ્રા અને પૂર્વ મંત્રી રાજેન્દ્ર સિંહે પણ સરકારની ફરી રચના અને ભ્રષ્ટાચારના મુદ્દે સવાલો ઉઠાવ્યા હતા. કેશવ પ્રસાદ મોર્યા દિલ્હીની નજીક અને યોગીથી દૂર થઈ રહ્યાં છે. કેશવ પ્રસાદ મોર્યે તો એટલે સુધી કહી દીધું છે કે સંગઠન એ સરકારથી ઉપર છે.પ્રજાના મનમાં સરકારની છબી શિક્ષક અને કર્મચારીઓ વિરોધી બની ગઈ છે. આ માટે નોકરિયાતો જવાબદાર છે, તેમના દ્વારા લેવામાં આવેલા નિર્ણયોથી જનતા નારાજ છે. નોકરિયાતો દ્વારા લેવાયેલા નિર્ણયો સરકાર માટે અભિશાપ બની ગયા છે.ભાજપની આ બેઠક હાલ સમગ્ર દેશમાં ચર્ચાનુ કેન્દ્ર બની છે.યોગી સરકારે અનેક મહત્વના નિર્ણયો પણ સરકારી વિભાગ તથા દબાણો દુર કરવાના મામલે કર્યા છે. ત્યારે જોવુ રહ્યુ ઉત્તર પ્રદેશના રાજકારણમાં હવે શુ નવા જુની થાય છે.

જો કે યુપીના પરિણામો બાદ સરકાર બેકફુટ પર આવી છે તે પણ વાસ્તવિકતા છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રાજ્યના લોકોને બે મોટી રાહત આપી છે. તેમણે રાજ્યનાં સરકારી શિક્ષકોને ડિજિટલ એટેન્ડન્સ કરવાનો તેમજ લખનઉના પંતનગરમાં ગેરકાયદે આશરે ૧૦૦૦ હજાર મકાનો પર બુલડોઝર ચલાવવાનો આદેશ આપ્યા બાદ આ બંને નિર્ણયો પરત ખેંચ્યા છે. આમ યુપીના ચુંટણી પરિણામો બાદ અનેક નવાજુની થાય તેવા એંધાણ છે. તેવામાં યોગીએ બેઠકમાં કરેલી ટીપ્પણી પછી હવે શુ થશે તેના પર સૌની મીટ મંડાઈ છે.

## RSS માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને રાહત મળી

નવીદિલ્હી, તા.૧૬

રાષ્ટ્રીય સ્વયંસેવ સંઘ વિશે વાંધાજનક ટિપ્પણી કરવાના કેસમાં બોમ્બે હાઈકોર્ટે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને રાહત આપી છે. કોર્ટે કહ્યું કે, રાહુલ ગાંધીને વર્ષ ૨૦૧૪ની બદનક્ષીની ફરિયાદમાં કરાયેલા આક્ષેપના આધારે ઝડપી નિર્ણય લેવાનો કાયદેસરનો અધિકાર છે. આ ઉપરાંત કોર્ટે બિનજરૂરી રીતે કેસને લંબાવવા મુદ્દે તેમજ કોંગ્રેસ નેતાની ઝડપી સુનાવણી માંગમાં અડચણ ઉભી કરવા મામલે આરએસએસના કાર્યકર્તાની ઝાટકણી કાઢી છે. ન્યાયાધીશ પૃથ્વીરાજ ચવ્હાણની એકલ પીઠે ૧૨ જુલાઈના આદેશમાં કહ્યું કે, બંધારણની કલમ ૨૧ મુજબ તમામને ઝડપી સુનાવણીનો અધિકાર છે અને સ્વતંત્ર તેમજ નિષ્પક્ષ સુનાવણી એવી બાબત છે, જે ખૂબ જ જરૂરી છે. હાઈકોર્ટે રાહુલ ગાંધીની અરજી સ્વિકારી

૨૦૧૪થી ચાલી રહેલા આ કેસમાં ૨૦૨૩માં એક ન્યાયાધીશે આરએસએસના કાર્યકર્તાને નવા અને વધારાના દસ્તાવેજ રજુ કરવાની મંજૂરી આપી હતી તેમજ કોર્ટે કુંટેને રાહુલના ભાષણની નકલ પર વિશ્વાસ વ્યક્ત કરવાની મંજૂરી આપી હતી. જોકે રાહુલ ગાંધીએ તેનો વાંધો ઉઠાવી બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી ન્યાયાધીશના આદેશને રદ કરવાની માંગ કરી હતી, જેને બોમ્બે હાઈકોર્ટે સ્વિકારી લીધી છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૪માં આરએસએસના કાર્યકર્તા રાજેશ કુંટેએ ભિવંડીની મેજિસ્ટ્રેટ કોર્ટમાં માનહાનિની ફરિયાદ નોંધાવી દાવો કર્યો છે કે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ એક ભાષણમાં ખોટું અને વાંધાજનક નિવેદન કરી કહ્યું હતું કે, મહાત્મા ગાંધીની હત્યા માટે આરએસએસ જવાબદાર છે. વર્ષ ૨૦૧૪માં રાહુલ ગાંધી દ્વારા એક અરજી દાખલ કરી સમન્સને રદ કરવાની માંગ કરવામાં આવી હતી, જોકે આ અરજીના સંદર્ભમાં આરએસએસ કાર્યકર્તાએ વર્ષ ૨૦૨૩માં મહારાષ્ટ્રના ઠાણે જિલ્લાની ભિવંડીની મેજિસ્ટ્રેટ કોર્ટમાં અરજી કર્યા બાદ કોર્ટે કુંટેને રાહુલના ભાષણની નકલ રજુ કરવા મંજૂરી આપી હતી.

## આજનું રાશિફળ

**મેષ :**
આજે કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો. સુવ્યવસ્થિત હોવા છતાં બાળકો વિનાનું ઘર આત્મા વિનાનું લાગે છે. બાળકો ઘરની ખુશીમાં ચાર ચાંદ લગાડે છે. તમારી હિંમત પ્રેમ અપાવશે. કામના સ્થળે વાતાવરણમાં સારા પરિવર્તન આવી શકે છે. ઘર ના કામકાજ પૂર્ણ કર્યા પછી, આ રાશિ ની ગૃહિણીઓ આજે મફત સમય માં ટીવી અથવા મોબાઈલ પર મૂવી જોઈ શકે છે. તમારા જીવનસાથી આજે તમને ધરતી પર સ્વર્ગનો અનુભવ કરાવશે.

**વૃષભ :**
આજના દિવસે તમારી અપેક્ષાઓ અને ઉમેદો પર ભયને કારણે અસર પડવાની ઊંચી શક્યાઓ જોવાય છે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે. કેટલાક માટે ભેટો તથા ફૂલોથી સભર રૉમેન્ટિક સાંજ જોવાય છે. નવું સાહસ લલચાવનારૂં તથા સારૂં વળતર આપનારૂં હશે. આજે તમે કોઈને કહ્યા વિના એકલા તમારા ઘર ની બહાર જઈ શકો છો. પરંતુ તમે એકલા રહેશો પણ શાંત નહીં, આજે તમારા હૃદય માં ઘણી ચિંતા રહેશે.

**મિથુન :**
આજે ભીડભરી બસમાં અથવા ટ્રેનમાં પ્રવાસ કરતી વખતે બ્લ્ડ પ્રેશરના દરદીઓએ વધારે તકેદારી રાખવી. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે. આજે આંધળો પ્રેમ પ્રાપ્ત કરવાનું તમે શક્યા કરી દેખાડશો. નવા સંયુક્ત સાહસો તથા ભાગીદારી પર સહી-સિક્કા કરવાથી દૂર રહો. તમારે આજે વસ્તુઓ ને બરાબર સમજવા નો પ્રયત્ન કરવો જોઈએ, નહીં તો તમે તમારા ફાજલ સમય પર આ બાબતો વિશે વિચારતા રહેશો અને તમારો સમય બગાડશો. આજનો દિવસ પાગલ કરી મુકે એવો છે, તમરા જીવનસાથી સાથે પ્રેમ અને રોમાન્સના શ્રેષ્ઠતમ તબક્કાનો અનુભવ કરશો.

**કર્ક :**
આજે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારી લાગણીઓ પર અંકુશ મુકવો તમારી માટે મુશ્કેલ થઈ પડશે-પણ તમારી આસપાસના લોકોને કનડતા નહીં અન્યથા તમે એકલા પડી જશો. તમારા પ્રિયપાત્ર સાથે તમારી અંગત લાગણીઓ-રહસ્યો શૅર કરવા માટે આ યોગ્ય સમય નથી. આ રાશિ ના એ લોકો જે રચનાત્મક કાર્ય સાથે સંકળાયેલા છે તે લોકો ને આજે મુશ્કેલીઓ નો સામનો કરવો પડી શકે છે. તમને આજે અનુભવ થયી શકે છે કે રચનાત્મક કાર્ય કરતા નોકરી વધારે સારી હતી. જિંદગી ની ચાલતી ભાગદોડ માં આજે તમને પોતાના માટે સમય મળશે અને તમે પોતાના પસંદગી ના કામો કરવા માં સક્ષમ હશો.

**સિંહ :**
આજે તમારા જીવનની અમુક અંધારી તકલીફોને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે. તમારા માતા-પિતાને ખુશ રાખવા માટે આ બંને વચ્ચે સંતુલન જાળવો. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે. હાથમાં લીધેલા નવા કાર્યો અપેક્ષાથી ઊણા ઉતરશે. દિવસને શ્રેષ્ઠ બનાવવા તમે તમારા છૂપા ગુણોનો ઉપયોગ કરશો. આજે, તમારી જીવનસંગિની તમારા જીવનની સૌથી કટોકટીભરી બાબતમાં ટેકો આપશે.

**કન્યા :**
આજના દિવસે ખાસ કરીને ગર્ભવતી મહિલાઓ માટે બહુ સારો દિવસ નથી, ચાલતી વખતે તમારે વધારે સાવચેતી રાખવી જોઈએ. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થયી શકે છે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. તમારી વાણી પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો કેમ કે તમારા કઠોર શબ્દો તમારા પ્રિયપાત્ર અને તમારા વચ્ચેની શાંતિ તથા સંબંધની સરળ ગતિને અસર કરી શકે છે. આજે તમે જે લૅક્ચર અને સેમિનારમાં ભાગ લેશો તે તમને વિકાસના નવા વિચારો આપશે. આ રાશિ ના લોકોએ આજે પોતાને સમજવા ની જરૂર છે. જો તમને લાગે છે કે તમે દુનિયા ની ભીડ માં ક્યાંક ખોવાઈ ગયા છો, તો પછી તમારા માટે સમય કાઢો અને તમારા વ્યક્તિત્વ નું મૂલ્યાંકન કરો.

**તુલા :**
આજે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. તમારા બાળકોની સમસ્યાઓ સાથે કામ લેવા માટે થોડોક સમય કાઢો. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે, પણ અંગત તથા ગોપનીય હોય એવી માહિતી છતી ન કરતા. તમારી આવડત દેખાડવાની સારી તક તમને મળશે. આજે તમે તમારો મફત સમય ધાર્મિક કાર્ય માં વિતાવવા નો વિચાર કરી શકો છો. આ દરમિયાન, તમારે બિનજરૂરી ચર્ચાઓ માં ન આવવું જોઈએ. લગ્નજીવનમાં એક મુશ્કેલ તબક્કા બાદ તમે આજે એક નવી સવાર જોશો.

**વૃશ્ચિક :**
આજે બોલતા પહેલા બે વાર વિચાર કરોજો. જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપવાની જરૂર પડશે. યોગ્ય સલાહ લેજો કેમ કે તમારી બાજુએ જરાક પણ બેદરકારી સમસ્યાને વકરાવી શકે છે. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે. તમારે તમારી શ્રૃંગારિક કલ્પનાઓ વિશે વધુ સપનાં જોવાની હવે જરૂર નથી, કેમ કે આજે તેમના સાકાર થવાની શક્યતા છે. તમારા સાથી ને ફક્ત તમારી પાસે થી થોડો સમય જોઈએ છે પરંતુ તમે તેમને સમય આપવા માટે અસમર્થ છો, જેના થી તે નિરાશ છે. આજે તેની નિરાશા સ્પષ્ટતા સાથે સામે આવી શકે છે. રોમેન્ટિક ગીતો, સુગંધી મીણબત્તીઓ, સારૂં ભોજન અને કેટલાક પીણાં, આજનો આખો દિવસ તમારા જીવનસાથી સાથે આ બધી બાબતોનો છે.

**ધન :**
આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. આજે તમારૂં વલણ તમારા ધ્યેયો તમે સામાન્યપણે રાખો છો એના કરતાં ઊંચા રાખવા પ્રત્યેનું રહેશે-પરિણામ જો તમારી ધારણા પ્રમાણેનું ન આવે તો નિરાશ ન થતાં. આ રાશિ ના જાતકો આજ ના દિવસે પોતાના ભાઈ બહેનો સાથે ઘરે કોઈ મુવી અથવા મેચ જોઈ શકે છે. આવું કરવા થી તમારા લોકો વચ્ચે પ્રેમ વધશો તમારા જીવનસાથી આજે તમને ધરતી પર સ્વર્ગનો અનુભવ કરાવશે.

**મકર :**
આજે બપોર પછી પરિવાર સાથે મળીને ખુશી તથા મોજમજા કરવાનો દિવસ છે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. તમારા ઉદાર સ્વભાવનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. અંગત માર્ગદર્શન તમારા સંબંધોને સુધારશે. તમારી જાતને અભિવ્યક્ત કરવા માટે પણ આ સારો દિવસ છે-તથા રચનાત્મક પ્રકૃતિના પ્રકલ્પો પર કામ કરો. આજે, તમે કોઈ પણ મંદિર, ગુરુદ્વારા અથવા કોઈપણ ધાર્મિક સ્થળે બિનજરૂરી મુશ્કેલીઓ થી દૂર તમારો મફત સમય વિતાવી શકો છો. એવું જણાય છે કે તમને તમારા જીવનસાથી તરફથી વિશેષ ધ્યાન મળશે.

**કુંભ :**
આજે સવારથીજ અપાર ઊર્જા અને ઉત્સાહ તમને ઘેરી વળશે અને તમારી સામે આવનારી કોઈપણ તક તમે તમારા ફાયદા માટે ઉપયોગમાં લેશો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. ઘરને લગતા કેટલાક મુદ્દાઓ પર તરત ધ્યયાન આપવાની જરૂર છે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો. તમારો આત્મવિશ્વાસ વધી રહ્યો છે તથા તમારો વિકાસ સ્પષ્ટ છે. તમારે બહાર નીકળીને ઊંચી જગ્યાએ બેઠેલા લોકોથી આગળ વધવા તમારી કોણીનો ઉપયોગ કરવાની જરૂર છે. તમને પામીને તમારા જીવનસાથી ધન્યતા અનુભવતા હોય એવું લાગે છે. આજે આ ક્ષણનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરી લો.

**મીન :**
આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. લાંબા-ગાળાના દ્દષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. તમારા સાથીદારની ગેરહાજરીમાં તેની હાજરી વર્તાવાની શક્યતા છે. કાનું ટૅન્શને તમારા મગજને હજી પણ ઘેરો ઘાલ્યો છે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નથી. કોઈ પણ બિનજરૂરી કામ માટે આજે તમારો ફ્રી સમય બગડી શકે છે. આજે તમારૂં લગ્નજીવન મસ્તી, આનંદ અને અત્યંત શાંતિનો અનુભવ કરાવનારૂં ઠરશે. આજે સવારથી પોઝિટિવ વિચારો રાખસો તો દિવસે વધુ અનુકૂળ રહેશે.

# કચ્છમાં વૃક્ષારોપણ માટેની જાગૃતિ ભવિષ્યમાં હરિયાળી ક્રાન્તિ સર્જશે

**કચ્છમાં વિવિધ સામાજીક,ધાર્મીક સંસ્થા અને ગ્રામ પંચાયતો સહિતની જાગૃતિને કારણે ચોમાસા પહેલા કચ્છમાં ઘણા વિસ્તારોમાં દાતાના સહયોગથી વૃક્ષારોપણના કાર્યો કરાયો છે ત્યારે તેમાંથી ચોક્કસ અન્ય લોકો પણ પ્રેરણા લેશે : કચ્છમાં વરસાદ પહેલા થઇ રહેલા વૃક્ષારોપણ ભવિષ્યમા કચ્છમાં હરિયાળી ક્રાન્તિ સર્જન કરશે**

## જન્મદિવસની ઉજવણી વૃક્ષારોપણ



સત્કર્મ સેવા ટ્રસ્ટ ગાંધીધામ ખાતે અનોખી રીતે જન્મ દિવસની ઉજવણી કરાઇ હતી અને ૨૧૦ વૃક્ષોની વાવણી કરી આ દિવસ ઉજવાયો હતો સત્કર્મ સેવા ટ્રસ્ટના પ્રમુખ તરીકે ફરજ નિભાવતાં હસમુખ સંકલ પુરાએ પોતાનો ૬૦મો જન્મદિવસ ૨૧૦ વૃક્ષોની વાવણી કરીને મનાવ્યો હતો આ વૃક્ષારોપણ નું સત્કર્મ સતત ૨ દિવસ કર્યું હતું આવાં સારા કાર્યોને સફળ બનાવવા માટે કચ્છી કલાના પ્રમુખ કાંતિ કેગનવાલા, પુર્વે નર્મદા નિગમ કાર્યપાલક એન્જિનિયર,ડૉ સરમન સોલંકી, કિશોર માકાણી, હેમંત ગજ્જર, ડોક્ટર આનંદ ઠક્કર, હસમુખ કાંતિભાઇ, નરેન્દ્ર ભાટીયા એ સહકાર આપ્યો હતો.હસમુખ સંકલપુરાએ જણાવ્યું હતું કે આ વૃક્ષો વાવવાની પ્રેરણા મારી માતાને શ્રધ્ધાસુમન સ્વરૂપે અર્પણ છે સાધુ વાસવાણી તથા સાધુ વાસવાણી વર્કિંગ વુમન હોસ્ટેલના પ્રાંગણમાં પણ વૃક્ષોનુ વાવેતર કરાયુ હતુ વૃક્ષારોપણ માટે અનેક લોકોએ ખુબ સહકાર આપ્યો હતો. તો વૃક્ષારોપણ સાથે અન્ય સેવાકાર્યો માટે પણ તૈયારી દર્શાવાઇ હતી.

## ભુજ સ્વામિનારાયણ મંદિર, વન વિભાગ દ્વારા ૮૦૦ રોપાનું વૃક્ષારોપણ





ભુજ : ગુજરાત સરકાર અને ફોરેસ્ટના સામાજીક વનીકરણ વિભાગ દ્વારા ૭૫ માં ગ્રામ્ય કક્ષા વન મહોત્સવ ૨૦૨૪ અંતર્ગત ઉજવણી કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે, જેમાં કચ્છની અનેક સંસ્થાઓ કાર્યરત છે. ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા ભુજ માંડવી રોડ સ્થિત ખત્રી તળાવ પાસેના ભક્તિ બાગમાં ૮૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કચ્છ નરનારાયણ દેવ યુવક-યુવતી મંડળ, રામપર નવાવાસ મંદિર અને ફોરેસ્ટ વિભાગના સહયોગથી આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભુજ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્ય કેશુભાઇ પટેલ, સ્વામી દેવકૃષ્ણદાસજી, સ્વામી મુકુંદજીવનદાસજી, સ્વામી હરિબળદાસજી, સ્વામી નીલકંઠચરણદાસજી, કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી, પ્રસાદી મંદિર કોઠારી સ્વામી અક્ષરપ્રિયદાસજી, શ્રીહરિ તપોવન ગુરુકુલના સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી આદિ સંતો અને મોટી સંખ્યામાં સાં.યો.બહેનો, તાલુકા પંચાયતના પ્રમૂખ વિનોદ વરસાણી, તાલુકા ભાજપ પ્રમુખ ભીમજી જોધાણી, ભુજ મંદિરના મુખ્ય કોઠારી મૂરજી સીયાણી, સલાહકાર ટ્રસ્ટી રામજી વેકરીયા,નારાણપર રાવરી સરપંચ દેવબાઈ, ઉપસરપંચ ચોવીસીના પ્રતિનિધીઓ, હરિભકતો,સ્વામિનારાયણ મંદિર, રામપર,નારણપર, દેશવિદેશના વૃક્ષપ્રેમી દાતાઓ, અન્ય મંદિરોથી પધારેલા સાં.યો. બહેનોએ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યું હતું. સ્વામિનારાયણ મંદિર, રામપર નવાવાસના અક્ષરમુક્ત ધનબાઈ ફઈની ૨૦૦ મી જન્મ જયંતી મહોત્સવને અનુલક્ષી આ ૭૫૦ વૃક્ષોનું વૃક્ષારોપણ ફઈબા ભક્તિબાગ ખાતે કરવામાં આવ્યું હતું.રામપર નવાવાસ મંદિરના સર્વે હરિભક્તો દરેક વૃક્ષો તેમજ કાર્યક્રમના યજમાન બન્યા હતા. મહંત સ્વામીએ આ અવસરે દરેક કાર્યકરોને આશીર્વાદ પાઠવ્યા હતા, સંચાલન શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું. જ્યારે વ્યવસ્થા રામપર નવાવાસ મંદિરના પ્રમુખ રુડાભાઇ રાજાણી, કલ્યાણ પટેલ તથા સુખપર, નારાણપર, રામપરના હરિભક્તોએ સંભાળી હતી.

## છોડ મા પણ રણછોડ



કુદરતને સંતુલિત કરવા માટે કુદરતના રચયતાને કેમ તેની સાથે ન સંકળાય ત્યારે દાતા પરિવાર તેમજ બીએસએફના જવાનો,મરીન પોલીસના કમાન્ડો તેમજ અધિકારીઓની ઉપસ્થિતીમાં વરસાદી માહોલમાં બીએસએફ ૧૮ ના જવાનો તેમજ મરીન પોલીસ કમાન્ડો નલિયા તથા અધિકારીઓ દ્વારા ખૂબ જ મોટા પાયે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. જે માટે કેમ્પસની બારે ટ્રીગાર્ડ (પિંજરા) ની જરૂરત હોતા, દાતા માતૃ જયાવંતી વિજયસિંહ ટોપરાની હસ્તે શ્રીમતી નિરંજના બેન અરવિંદ ટોપરાની મસ્કત- ઓમાન માંડવી કચ્છ તેમજ સદભાવના ટ્રસ્ટ રાજકોટદ્વારાટ્રીગાર્ડઆપવામાંઆવ્યા હતાઆપણે પણ આપણા ગામમાં મોટા પાયે વૃક્ષો વાવી કચ્છ ને હરિયાળુ નંદન વન બનાવવા પ્રેરક બનશો તેવો સંદેશ અપાયો હતો સાથે વધુ ટ્રી ગાર્ડ માટે સહયોગની ખાતરી અપાઇ હતી. શ્રી કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિ ગોધરા કચ્છ અરવિંદ જોષીએ માહિતી સાથે આવા કાર્ય માટે વધુ મદદ માટે સહકાર માટે પણ જણાવ્યુ હતુ

## માંડવીનુ જનકપર પર હરિયાળુ બનશે

માંડવીનુ જનકપર ગામે અનોખુ ગામ છે. કેમકે પંચાયતી ચુંટણીઓમાં ગામની એકતા સાથે ગામે તમામ સુવિદ્યાઓ ગામમાં એકતાથી ઉભી કરી છે. ત્યારે ગામને હરિયાળુ બનાવવામા કેમ પાછળ રહે ત્યારે અષાઢી બીજથી જનકપુર મધ્યે ૨૦૦૦ વૃક્ષો રોપી ગામને નંદનવન બનાવવા સાથે પર્યાવરણ સંવર્ધન નું એક ઉમદા કાર્ય શરૂ કરાયુ હતુ. જેમાં દાત્તાઓના સહયોગથી ગામને નંદનવન બનાવવા માટેની શરૂઆત કરાઇ હતી.આ પ્રસંગે રાજડા ટેકરી નાં મહંત અર્જુન નાથજી,માંડવી વિસ્તારનાં ધારાસભ્ય અનિરુદ્ધ દવે સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે વૃક્ષારોપણ કરી અભિયાનનાં શ્રીગણેશ કરવામાં આવ્યા હતા આ અભિયાન માટે મુખ્ય દાતા ડીઆર ગ્રુપ મુંબઈ અને સદભાવના વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ રાજકોટ રહ્યા હતા, વીલ ગ્રુપ મુંબઈ સાથે જનકપુર ગ્રામ પંચાયત અને ગામનાં દાતાશ્રીઓ દ્વારા વૃક્ષોનું દાન આપવામાં આવ્યું હતુ આ પ્રસંગે ડીઆર ગ્રુપનાં મણિલાલ દિવાણી,ઈશ્વર રામજીયાણી ,વ્હીલ ગ્રુપના રમેશ રામજીયાણી ,સદભાવના વૃદ્ધાશ્રમ રાજકોટનાં પ્રતિનિધિ ધૃવિલ બામણિયા અને ગ્લોબલ કચ્છ ટ્રસ્ટ નાં પ્રતિનિધિ ધીરજ છેડા (એકલવીર) સાથે રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.અનેક રીતે અનોખુ ગામ હવે વધુ હરિયાળુ બનવાના સંકલ્પ સાથે વધુને વધુ વૃક્ષારોપણ પણ કરશે.



## કચ્છના બાગાયતી ખેડૂતો સહાય મેળવવા અરજી કરી શકશે

ભુજ તા.૧૧

કચ્છ જિલ્લાના તમામ બાગાયતદાર ખેડૂતો વર્ષ ૨૦૨૪-૨૫ માટે બાગાયત ખાતા દ્વારા ચાલતી યોજનાઓ અંતર્ગત "GROW MORE FRUIT CROP" ઈનિશિએટીવ હેઠળ ફળપાક વાવેતર ઘટકમાં (૧) આંબા તથા જામફળ- ફળપાક ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ,(૨) કેળ(ટીશ્યુ)- ફળપાક ઉત્પા દકતા વધારવાનો કાર્યક્રમ, (૩) ટીશ્યુ કલ્ચર ખારેકની ખેતીમાં સહાય, (૪) નાળીયેરી વાવેતર વિસ્તાર સહાય, (૫) કમલમ ફળ (ડ્રેગનફ્રૂટ)ના વાવેતર માટે સહાયનો કાર્યક્રમ,(૬) ફળપાક પ્લાન્ટીંગ મટીરીયલમાં સહાય,(૭) કોમ્પ્રિહેન્સિવ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ કાર્યક્રમ, (૮) ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળ પાકો - આંબા, જામફળ, દાડમ, લીંબુ માટે સહાય, (૯) વધુ ખેતી ખર્ચવાળા ફળ પાકો સિવાયના ફળપાકો, (૧૦) ફળપાકો જેવા કે દ્રાક્ષ, કીવી, પેશન ફ્રૂટ વગેરે, (૧૧) પપૈયા, (૧૨) ફળપાકોના વાવેતર માટે પ્લાન્ટીંગ મટી-રીયલમાં સહાય (વનબંધુ), (૧૩) સરગવાની ખેતીમાં સહાય મેળવવા માટે અરજી કરી શકશે. આ ઘટકોમાં માટે સહાય મેળવવા તા.૧૫/૦૮/૨૦૨૪ સુધી આઇ- ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.અન્ય નવીન યોજનાઓ જેવી કે (૧) આંબા તથા લીંબુ ફળપાકના જુના બગીચાઓને નવસર્જન માટે, (૨) પપૈયા- ફળપાક ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ માટે અને (૩) શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન ઘટકોમાં તા. ૧૩/૦૮/૨૦૨૪ સુધી આઇ- ખેડૂત પોર્ટલ ઓનલાઇન અરજી કરવા માટે ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

# કંપાલા-યુગાન્ડામાં શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવાયો















કંપાલા, તા.૧૬

કંપાલા શહેર યુગાન્ડા દેશની રાજધાની અને દેશનું સૌથી મોટું શહેર છે. કંપાલા શહેર એ આફ્રિકાના સૌથી ઝડપથી વિકસતા શહેરો માંનું એક છે. સિટી મેયર્સ દ્વારા ન્યુયોર્ક સિટીમાં સ્થિત વૈશ્વિક વિકાસ સલાહકાર એજન્સી મર્સર દ્વારા કિગાલી અને નાઈરોબી શહેર કરતાં પણ કંપાલાને પૂર્વ આફ્રિકામાં રહેવા માટે વધુ શ્રેષ્ઠ શહેર તરીકે જાહેર કરવામાં આવ્યું છે.આવા શહેરમાં શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર શ્રી મુક્તજીવન સ્વામીબાપા તથા વેદરત્ન આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ તેમજ શ્રી સ્વામિ નારાયણ ગાદીના આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસ સ્વામી મહારાજની અનેકવાર મુલાકાતથી પાવન થયું છે. જેથી શ્રી સ્વામિનારાયણ મંદિર, કંપાલા અનેક મુમુક્ષુઓનું આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર છે. ત્યારે મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસ સ્વામી મહારાજની અનુજ્ઞાથી પૂજનીય સંતો પૂર્વ આફ્રિકાના કંપાલા-યુગાન્ડામાં સત્સંગ પ્રચારાર્થે પહોચ્યા છે. ત્યારે આચાર્ય સ્વામી મહારાજની અનુજ્ઞાથી પૂજનીય સંતોના સાનિધ્યમાં કંપાલા-યુગાન્ડામાં "શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ" અંતર્ગત ગ્રંથ શિરોમણિ "શિક્ષાપત્રી" સમૂહ પાઠ, સમૂહ મહાપૂજા, પૂજન - અર્ચન, નિરાજનની ભકિતભાવ પૂર્વક ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે સંત શિરોમણિ ગુરુપ્રિયદાસ સ્વામીએ શિક્ષાપત્રીનું મહાત્મ્ય સમજાવતાં જણાવ્યું હતું કે, શિક્ષાપત્રીની રચના ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં કરી છે. સંવત ૨૦૮૨ મહા સુદ પાંચમના રોજ ૨૦૦ વર્ષ પૂર્ણ થશે એટલે કે "શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ" અંતર્ગત શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકો લિખિત મનોરમ્ય હિંડોળા સજાવીને સ્વામિનારાયણબાપા સ્વામીબાપાને બિરાજમાન કરવામાં આવ્યા હતા. તેમજ શિક્ષાપત્રી સમૂહ પાઠ, સમૂહ મહાપૂજાનું ભકિતભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષાપત્રી એટલે હિતનો ઉપદેશ આપતો પત્ર-લેખ.શ્રી સ્વામિનારાયણ ભગવાને ૧૯૮ વર્ષ પહેલાં શિક્ષાપત્રી લખી હતી. જેમાં ૩૫૦ કરતાં વધારે શાસ્ત્રોનો સાર રહ્યો છે. સર્વ શાસ્ત્રોના દોહનરૂપ સાર એટલે શિક્ષાપત્રી. શ્રી સ્વામિનારાયણ ભગવાન દ્વારા શિક્ષાપત્રી ના રૂપમાં 'સાગરને ગાગર' માં સમાવિષ્ટ કરાયો છે. શિક્ષાપત્રી એટલે જીવન જીવવાની જડીબુટ્ટી. શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે પોતાના સંતો અને હરિભક્તોએ ભગવાનના ભક્ત તરીકે કેવું જીવન જીવવું જોઈએ તે માટેની જ આજ્ઞાઓ લખી છે, વર્તવાની શીખ આપી છે. શિક્ષાપત્રીની આજ્ઞાઓને અનુસરવાથી લોક અને પરલોકમાં મહાસુખ પ્રાપ્ત થાય છે. શિક્ષાપત્રી ઉપદેશ કરનાર નહીં પરંતુ પરમ શ્રેયસ્કર આશીર્વાદથી ભરેલું શાસ્ત્ર છે. આ ગ્રંથના આધારે ભગવાન સ્વામિનારાયણનો મુખ્ય ધ્યેય મનુષ્યને સદાચારી બનાવવાનો છે. આ ગ્રંથના દરેક શ્લોક, પ્રત્યેક આજ્ઞાઓ વસુધૈવ કુટુંબકમનો સંદેશો આપે છે. શિક્ષાપત્રી શ્રીજી-મહારાજે પોતાના આશ્રિતોને ઉદ્દેશીને લખી છે. પરંતુ સમાજના સૌ કોઇ માટે અતિ ઉપયોગી અને લાભકારક છે.આ પાવનકારી અવસરે પૂજનીય સંતોમાં સંત શિરોમણિ શ્રી સહજાનંદ સ્વામી,હરિકેશવદાસ સ્વામી તથા ગુરુપ્રિયદાસ સ્વામી તથા મહાનુભાવો, અબાલવૃદ્ધ હરિભક્તો તથા ભાવિકોની ઉપસ્થિતિમાં ૨૧૨ શ્લોકો ધરાવતી શિક્ષાપત્રીનું સમૂહમાં વાંચન, પૂજન તેમજ શ્રી હરિકૃષ્ણ મહારાજનું પંચામૃતથી અભિષેક તથા આરતી ઉતારવામાં આવી હતી. આ અવસરનો લ્હાવો હરિભક્તોએ ભકિતભાવ પૂર્વકના અંતરના ઉમળકાભેર લીધો હતો.

# સરહદ ડેરી દ્વારા ૩ કરોડ, ૭૬ લાખ રૂપિયા પશુપાલકોને ચૂકવાયા

**૭૪ મંડળી સાથે સંકળાયેલ ૬૮૦૦ પશુપાલકો ને મળશે**

**અંતિમ ભાવ ૧૯૦ દૂધ મંડળીના ૧૫૨૦૦ પશુપાલકોને ૧૧ કરોડ ૩૦ લાખ જેવુ માતબાર રકમ ચૂકવવામાં આવી**

ભુજ તા.૧૬

કચ્છ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી. "સરહદ ડેરી" દ્વારા અંતિમ ભાવ ચુકવણી ના ભાગ રૂપે ચોથા રાઉન્ડ નું ચૂકવણું શરૂ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન પશુપાલકોએ મંડળીઓમાં ભરાવેલ દૂધની રકમ ના ૫% અંતિમભાવ રૂપે ચુકવણી કરવામાં આવી રહી છે. જે મંડળીઓની અંતિમ ભાવ ની ફાઈલ આવી ગયેલ છે અને ફાઈલ પૂર્ણ છે તેવી મંડળીઓને અંતિમ ભાવના ચોથા રાઉન્ડ ની શરૂઆત કરી દેવામાં આવી છે. જેમાં કુલ ૭૪ દૂધ મંડળી સાથે સંકળાયેલ ૬૮૦૦ જેટલા પશુપાલકો ને ૩ કરોડ ૭૬ લાખ રૂપિયા અંતિમ ભાવરૂપે મંડળીના દૂધ બિલમાં ચૂકવવા માં આવ્યા.અત્યાર સુધી ના કુલ ૪ રાઉન્ડ માં ૧૯૦ દૂધ મંડળીના ૧૫૨૦૦ પશુપાલકોને ૧૧ કરોડ ૩૦ લાખ જેવુ માતબાર રકમ ચૂકવવામાં આવી છે તેવું સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલે જણાવ્યુ છે વધુમાં તેમણે જણાવ્યુ હતું કે જે જે મંડળીઓના જરૂરી ડૉક્યુમેન્ટ અંજાર ઓફિસે આવી ગયેલ છે તે તમામ મંડળીઓને વહેલા તે પહેલા ના ધોરણે ચુકવણી કરવામાં આવી રહી છે. જેથી જે મંડળીઓના ડૉક્યુમેન્ટ બાકી હોય અથવા અધૂરા હોય તેવી મંડળીઓએ તાત્કાલિક ડૉક્યુમેન્ટ હેડ ઓફિસે જમા કરાવે. જેથી સમયસર ચૂકવણું કરી શકાય.



# ગુજરાતના સંરક્ષણ જનસંપર્ક અધિકારી, સંરક્ષણ મંત્રાલયનાં પ્રવક્તા નિવૃત્ત

**કેપ્ટન એન.મનીષે ૨૬ વર્ષ કરતાં વધુ સમયની વિશિષ્ટ સેવા આપી**

અમદાવાદ તા.૧૬

ગુજરાતના સંરક્ષણ જનસંપર્ક અધિકારી અને સંરક્ષણ મંત્રાલય ના પ્રવક્તા ગ્રૂપ કેપ્ટન એન. મનીષ ૨૬ વર્ષ કરતાં વધુ સમયની વિશિષ્ટ કારકિર્દીમાં સેવા આપ્યા પછી નેતૃત્વ અને શ્રેષ્ઠતાનો વારસો છોડીને ૧૫ જુલાઈ ૨૦૨૪ સેવામાંથી નિવૃત્ત થયા છે. તેમનો જન્મ દિલ્હીમાં થયો હતો શાળાકીય અભ્યાસ પછી, તેઓ પુણેના ખડકવાસલા ખાતેની પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સંરક્ષણ એકેડમીમાં જોડાવા માટે પસંદગી પામ્યા હતા, એરફોર્સ એકેડેમીમાં સફળતા પૂર્વક તાલીમ પૂર્ણ કર્યા પછી, ૨૦ ડિસેમ્બર ૧૯૯૭ ના ભારતીય વાયુસેનાની ફાઇટર સ્ટ્રીમમાં તેમને નિયુક્તિ આપવામાં આવી હતી, તેમના સેવાકાળ દરમિયાન, તેમણે મીગ-૨૧, ટાઇપ-૭૫, ટાઇપ-૭૭, વગેરે કેનબેરા ફાઇટર/બોમ્બરના વિવિધ વેરિઅન્ટ્સ જેવા એરક્રાફ્ટ્સ ઉડાડ્યા છે, આ અધિકારી આકાશ અને રશિયન મૂળની પેચોરા મિસાઇલ સિસ્ટમ્સ જેવા વિવિધ પ્રકારના સરફેસ-ટુ-એર ગાઇડેડ હથિયારો પર પણ ક્વોલિફાઇ થયેલા છે,૨૦૧૮ દરમિયાન ઇન્ડિયન એર ફોર્સમાં સૌથી મોટા કોમ્બેટ સ્ક્વૉડ્રન માંથી એકની કમાન્ડ પર સેવા આપી ચુક્યા છે, અત્યંત પ્રતિષ્ઠિત ઇન્ટેલિજન્સ નિદેશાલયમાં દિલ્હીમાં એર હેડક્વાર્ટર સંયુક્ત નિદેશક તરીકે પણ સેવા આપી છે,કાર્યકાળના ભાગ રૂપે, મધ્ય યુરોપ (ચેક રિપબ્લિક) અને થાઇલેન્ડની સત્તાવાર વિદેશ યાત્રાઓ કરી ત્યાં વિશ્વના અન્ય સશસ્ત્ર દળોની સમૃદ્ધ ઓપરેશનલ આંતરસૂઝ મેળવી હતી. સ્વૈચ્છિક નિવૃત્તિ પહેલાંના પોતાના છેલ્લા કાર્યકાળમાં આ ગુજરાતમાં અ રાજ્ય અને દમણ અને દીવ તેમજ દાદરા અને નગર હવેલી સંલગ્ન કેન્દ્રશાસિત પ્રદેશો માટે સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા તરીકેની અત્યંત મહત્વપૂર્ણ નિમણૂક કરવામાં આવી હતી. ગુજરાતના સંરક્ષણ પી.આર.ઓ. તરીકે, ગાંધીનગરમાં 'ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨'ની ૧૨મી આવૃત્તિનું સફળતાપૂર્વક આયોજન કર્યું જેમાં ૧૦૦૦ કરતાં વધારે ભારતીય અને આં.રાષ્ટ્રીય સંરક્ષણ કંપનીઓનું પ્રદર્શન કરવામાં આવ્યું અને ૪૫૦ કરતાં વધુ એમ.ઓ.યુ.પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, બેંગલુરુમાં યોજવામાં આવેલા એરો ઇન્ડિયા-૨૦૨૩ના સુચારુ સંચાલનમાં પણ તેમણે ભૂમિકા નિભાવી હતી. ભારતે ડિસેમ્બર-૨૦૨૨માં G-૨૦ ની અધ્યક્ષતા સંભાળ્યા બાદ આ અધિકારીએ જાપાનમાં વીર ગાર્ડિયન નામની પ્રથમ આંતરરાષ્ટ્રીય કવાયતમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું જે દરમિયાન બંને દેશો વચ્ચે શ્રેષ્ઠ પ્રથાઓનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું. આ કવાયતે માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વનું વ્યાપક ધ્યાન ખેંચ્યું હતું. અધિકારીના માતાપિતા, એસ. નાગરાજન અને જાનકી નાગરાજને તેમના બંને પુત્રોને રાષ્ટ્રની સેવામાં સમર્પિત કર્યા છે. તેમના નાના પુત્ર કમાન્ડર એન. નિશાંત ભારતીય નૌકાદળમાં અધિકારી તરીકે સેવા આપી રહ્યા છે અને દિલ્હીમાં નૌકાદળના હેડક્વાર્ટરમાં નિયુક્ત છે, જાનકી નાગરાજને દિલ્હીમાં એર હેડક્વાર્ટર માં સંરક્ષણ નાગરિક તરીકે અને નાગરાજને કેબિનેટ સચિવાલયમાં પણ સેવા આપી હતી. ગ્રૂપ કેપ્ટનના લગ્ન જાનકી મનીષ સાથે થયા છે, જાનકી મનીષે જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશનમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું છે અને તે સર્ટિફાઇડ લાઇફ કોચ છે,આ દંપતીને સંતાનમાં એક દીકરી મીનાક્ષી મનીષ જે તેના પાંચ વર્ષના ઇન્ટિગ્રેટેડ લૉ ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરી રહી છે અને એક દીકરો સૂર્ય મનીષ જે ગાંધીનગરમાં દિલ્હી પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરે છે.



# FILMY ગપશપ

**ફરી લોહી ટપકશે, ખૂની ચોમાસું આવશે**

## ક્યારે ને ક્યાં રિલીઝ થશે તાપસીની 'ફિર આઈ હસીન દિલરૂબા'



મુંબઈ, તા.૧૬

તાપસી પન્નૂ વર્ષ ૨૦૨૧માં ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર એક ફિલ્મ લાવી હતી, જેનું નામ હસીન દિલરૂબા હતું. આ એક રોમેન્ટિક થ્રિલર ફિલ્મ હતી, જેની સ્ટૉરીએ દરેકનું દિલ જીતી લીધું હતું. આ ફિલ્મમાં તાપસી પન્નૂ ઉપરાંત વિક્રાંત મેસી અને હર્ષવર્ધન રાણે પણ મહત્વની ભૂમિકામાં જોવા મળ્યા હતા. ફિલ્મની સ્ટૉરી એક એવી પત્નીની છે જેના પતિની હત્યાની શંકા વધુ ઘેરી બને છે. હવે મેકર્સ આ ફિલ્મનો બીજો ભાગ રિલીઝ કરવા જઈ રહ્યા છે, જેની રિલીઝ ડેટ પણ જાહેર થઈ ગઈ છે. હવે તાપસી પન્નૂ ફરીથી સુંદર દિલરૂબાના રૂપ માં પરત ફરવા જઈ રહી છે. આ ફિલ્મ નેટફ્લિક્સ પર રિલીઝ થવા જઈ રહી છે, જેની રિલીઝ ડેટ મેકર્સ દ્વારા જાહેર કરવામાં આવી છે. આ ફિલ્મની જાહેરાત મેકર્સ દ્વારા થોડા સમય પહેલા નાના ટીઝર દ્વારા કરવામાં આવી હતી. ત્યારથી ચાહકો આ ફિલ્મ ઓટીટી પર રિલીઝ થવાની રાહ જોઈ રહ્યા હતા. હવે મેકર્સે રિલીઝ ડેટ માટે પણ એક શાનદાર ટીઝર રિલીઝ કર્યું છે, જે ખૂબ જ રોમાંચક છે. ટીઝરની શરૂઆત ઋષિ કપૂરની ફિલ્મ કર્ઝના ગીત ઈસ હસીના થી, ઈક દીવાના થાથી થાય છે. પછી તાપસી પન્નૂના પુસ્તક સાથે એક ફોટો દેખાય છે અને અવાજ આવે છે કે '૯ ઓગસ્ટે લોહી ટપકશે, ખૂની ચોમાસું આવશે'. આ પછી, વિક્રાંત મેસી પ્રવેશે છે અને પુસ્તક પર લખેલું છે, '૯મી ઓગસ્ટની સુંદર રાત દિલરૂબા સાથે'. આ વખતે ફિલ્મમાં વિકી કૌશલનો ભાઈ સની કૌશલ પણ જોવા મળી રહ્યો છે. તેની એન્ટ્રીની સાથે જ પુસ્તક પર લખ્યું છે કે, '૯ ઓગસ્ટે દિલ પીગળી જશે, ઈશ્ક કા જહર નિગલેંગે'. પછી વૉઈસઓવર ચાલુ રહે છે, 'હસીન દિલરૂબા ફરીથી બધાને પ્રેમનો પાઠ ભણાવવા માટે ૯મી ઓગસ્ટના રોજ માત્ર નેટફ્લિક્સ પર આવી છે'.

આ ફિલ્મના પહેલા ભાગમાં તાપસી પન્નૂ રાનીની ભૂમિકામાં છે અને વિક્રાંત મેસી તેના પતિ તરીકે ઋષભ સક્સેનાની ભૂમિકામાં છે. હસીન દિલરૂબાનું નિર્દેશન વિની મેથ્યૂ દ્વારા કરવામાં આવ્યું છે અને કનિકા ધિલ્લોન દ્વારા લખવામાં આવી છે. આ સિવાય જો આપણે તાપસીના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો તે આગામી સમયમાં તેની કૉમેડી ડ્રામા ફિલ્મ વો લડકી હૈ કહાંમાં જોવા મળશે. ફિલ્મમાં તેની સાથે પ્રતીક બબ્બર અને પ્રતીક ગાંધી પણ જોવા મળશે. આ ફિલ્મ અરશદ સૈયદે લખી છે અને નિર્દેશિત કરી છે.

**વિકી કૌશલ કહ્યું- અમે ગુડ ન્યૂઝ આપીશું પણ અત્યારે...**

## કેટરિનાની પ્રેગ્નેન્સીની અફવા પર વિકી કૌશલની સ્પષ્ટતા



મુંબઈ, તા.૧૬

બોલિવૂડ એક્ટ્રેસ કેટરિના કૈફ છેલ્લાં ઘણાં સમયથી પોતાની પ્રેગ્નન્સીને લઈને ચર્ચામાં છે. કેટરિનાની પ્રેગ્નેન્સીના સમાચાર તે સમયે સામે આવવાના શરૂ થયા જ્યારે તે પોતાના પતિ વિકી કૌશલ સાથે લંડનમાં રજાઓ ગાળી રહી હતી અને તે દરમિયાનની અમુક તસવીરો ઈન્ટરનેટ પર સામે આવી હતી. તે બાદ લોકોએ તેના પ્રેગ્નન્ટ હોવાની વાત કરવાની શરૂ કરી દીધી. તે બાદ તે જ્યારે પણ ક્યાંક ઢીલા કપડામાં સ્પોટ થાય છે તો લોકોની શંકા વધુ પાક્કી થવા લાગે છે. આ દરમિયાન હવે પહેલી વખત પતી કેટરિનાની પ્રેગ્નન્સી પર વિકી કૌશલે મૌન તોડ્યું છે. વિકી કૌશલ અત્યારે પોતાની અપકમિંગ ફિલ્મ બેડ ન્યૂઝને લઈને ચર્ચામાં છે. વિકી અને ફિલ્મની સમગ્ર ટીમ અત્યારે પ્રમોશનમાં વ્યસ્ત છે. આ દરમિયાન વિકીને એક ઈવેન્ટમાં કેટરિના કૈફની પ્રેગ્નન્સીને લઈને સવાલ કરાયો હતો.

આ અંગે વિકી કૌશલે જવાબ આપતાં કહ્યું કે આ સમાચારમાં કોઈ સત્ય નથી, જે દિવસે યોગ્ય સમય આવશે હું પોતે આ ખુશખબરી તમારી સાથે શેર કરીશ, પરંતુ અત્યારે તમે બેડ ન્યૂઝ એન્જોય કરો. આ સમાચારથી સ્પષ્ટ થઈ ગયું છે કે કેટરિના હાલ પ્રેગ્નન્ટ નથી. તાજેતરમાં જ કેટરિના કૈફ અને વિકી કૌશલ અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નમાં સામેલ થયા હતાં. આ દરમિયાન કેટરિના લાલ કલરની સાડીમાં સુંદર લાગી રહી હતી. વિકીએ ક્રીમ કલરનો કુર્તો પાયજામા પહેરેલો હતો. બંનેની જોડી ખૂબ સુંદર નજર આવી રહી હતી. આ દરમિયાન પણ કેટરિનાને જોઈને લોકોએ તેના પ્રેગ્નેન્ટ હોવાની વાત કહી હતી.



ભૂમિ પેડનેકરે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર અનંત-રાધિકાના રિસેપ્શન લૂકની કેટલીક તસવીરો શેર કરી છે.આ તસવીરોમાં ભૂમિ પેડનેકર બ્લેક કલરના ઈન્ડો વેસ્ટર્ન લૂકમાં જોવા મળી રહી છે. જેની સાથે તેણે મેકઅપ અને ૭ લેયરનો નેકલેસ પહેર્યો છે.આ સિવાય ભૂમિએ મેચિંગ ઈયરિંગ્સ અને એક હાથમાં કાડા સ્ટાઈલનું ગોલ્ડન બ્રેસલેટ પહેર્યું છે.ભૂમિ પેડનેકર આ નવા લૂકમાં ખૂબ જ સુંદર લાગી રહી છે. અભિનેત્રીના ચાહકો તેના લુક પર પ્રેમ વરસાવી રહ્યા છે.

## શાહરૂખ ખાનનો ફેન બન્યો જહોન સીના! કિંગ ખાન સાથે ફોટો શેર કર્યો



મુંબઈ, તા.૧૬

હોલીવુડ એક્ટર અને રેસલર જહોન સીના પણ અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નમાં હાજરી આપવા ભારત આવ્યા છે. તેમણે અનંત-રાધિકાના શુભ લગ્ન અને આશીર્વાદ સમારોહમાં ભાગ લીધો હતો.

આ દરમિયાન તેણે પોતાના વેરિફાઈડ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી એક પોસ્ટ પણ કરી છે. આ પોસ્ટમાં તેણે શાહરૂખ ખાન સાથેનો પોતાનો એક ફોટો શેર કર્યો છે અને તેના વખાણ કર્યા છે. આ સાથે જહોન સીનાએ અંબાણી પરિવારની આતિથ્યની પ્રશંસા કરી છે.

પોતાની પોસ્ટમાં જહોન સીનાએ લખ્યું, 'તે ૨૪ કલાક શાનદાર રહ્યા. હું અંબાણી પરિવારની અજોડ હૂંફ અને આતિથ્ય માટે આભારી છું. આ અનુભવ ક્યારેય ભૂલવાનો નથી. આ સમય દરમિયાન મને અસંખ્ય મિત્રો સાથે જોડાવાનો મોકો મળ્યો.

## કેન્સર સામે લડી રહેલી હિના ખાને તેની માતાની હાલત વિશે જણાવ્યું

મુંબઈ, તા.૧૬

લગભગ ૨ અઠવાડિયા પહેલા હિના ખાને તેના ફેન્સને એક એવા સમાચાર આપ્યા હતા જેણે બધાને ચોંકાવી દીધા હતા. હિના ખાને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરતા કહ્યું કે તે બ્રેસ્ટ કેન્સર સામે ઝઝૂમી રહી છે. અભિનેત્રી ત્રીજા સ્ટેજના બ્રેસ્ટ કેન્સરથી પીડિત છે, જેની સારવાર શરૂ થઈ ગઈ છે. ચાહકોને આ સમાચાર આપ્યા બાદ તેણે પોતાના વાળ પણ જાતે જ કાપી લીધા હતા. હિનાની કીમોથેરાપી પણ શરૂ થઈ ગઈ છે અને સારવાર શરૂ થતાં જ અભિનેત્રીએ આ પગલું ભરવાનું નક્કી કર્યું.



કેન્સર ત્રીજા સ્ટેજમાં હોવાના સમાચાર મળ્યા બાદ પણ હિનાએ હિંમત હારી નથી અને તે ઝડપથી સાજા થવાની આશા રાખી રહી છે. આ દરમિયાન હિનાએ તેની માતા સાથેની કેટલીક તસવીરો શેર કરી છે, જેની સાથે તેણે જણાવ્યું કે આ તે દિવસની તસવીરો છે જ્યારે તેને તેની માતાને કેન્સર હોવાની જાણ કરી હતી.

આ તસવીરોમાં હિના તેની માતાની પાસે બેઠેલી જોઈ શકાય છે, કેટલીક જગ્યાએ તેની માતા તેને ગળે લગાવી રહી છે હિનાએ પોતાની પોસ્ટમાં જણાવ્યું કે ગમે તે સંજોગો હોય, એક માતા હંમેશા તેના બાળક માટે તૈયાર હોય છે, ભલે તે પોતે ગમે તેટલી પીડામાં હોય, તે ક્યારેય તેના બાળકોને તેમની શક્તિ ગુમાવવા દેતી નથી. ઈન્સ્ટાગ્રામ પર આ તસવીરો શેર કરતી વખતે હિના ખાને લખ્યું – 'માતાનું હૃદય તેના બાળકોને આશ્રય, પ્રેમ અને આરામ આપવા માટે દુઃખ અને દર્દના મહાસાગરને ગળી શકે છે.



જાન્હવીએ એક બ્લૅક એન્ડ વ્હાઈટ બ્લેઝર પેટર્ન દેખાય તેવું એક ગાઉન પહેર્યું હતું. જેમાં ઉપર બ્લૅક બ્લેઝર જાણે ડ્રેસમાં આગળ સંકેલીને સીવી લીધું હોય તેમ ઉપર તરફ તેમાંથી શર્ટનાં બંધ કોલર બહાર આવતાં દેખાતાં હતાં. જ્યારે તેની ઉપરનું બ્લેઝરપ્રકારનું વ્હાઈટગાઉન તેની પર પહેર્યું હોય તેમ તેમાં ફ્રન્ટ સ્લિટ દેખાતી હતી.



સોફી ચૌધરી તેના ઈન્સ્ટા. એકાઉન્ટ પર તેના બોલ્ડ અને હોટ ફોટા શેર કરીને તેના ચાહકોમાં અવારનવાર લાઈમલાઈટ મેળવે છે. રેડ બોડીકોન લૂકમાં સૌફી ચૌધરી ખૂબ જ હોટ અંદાજમાં પોઝ આપતી જોવા મળી રહી છે.ગ્લેમરસ અંદાજ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે.

**ટ્રેલર આપણને 'થંગાલન' ના રહસ્ય અને જાદુની ઝલક આપે છે, જે દુનિયા પહેલા ક્યારેય જોઈ નથી**

## ચિયાન વિક્રમની 'થંગાલન' રહસ્યમય દુનિયા પરથી પડદો ઉઠાવશે



મુંબઈ, તા.૧૬

દક્ષિણ ફિલ્મ ઉદ્યોગની વધુ એક દમદાર સ્ટોરી ટૂંક સમયમાં જ થિયેટરોમાં આવશે. ચિયાન વિક્રમની ફિલ્મ 'થંગાલન'નું ટ્રેલર આવી ગયું છે જે ખૂબ જ દમદાર અને રસપ્રદ લાગે છે. ફિલ્મનું ટ્રેલર વાસ્તવમાં જબરદસ્ત, રહસ્યમય અને રહસ્યમય છે. ફિલ્મ માટે દર્શકોની ઉત્તેજના ચરમસીમાએ છે અને હવે આ રસપ્રદ ટ્રેલરે તેને આગલા સ્તર પર લઈ લીધું છે. ટ્રેલર ચિયાન વિક્રમના શાનદાર પરિવર્તન અને રણજીતના તેજસ્વી નિર્દેશનને હાઈલાઈટ કરે છે, જે ફિલ્મના તમામ શ્રેષ્ઠ પાસાઓને બહાર લાવે છે.'થંગાલન'નું ટ્રેલર રિલીઝ ટ્રેલર આપણને 'થંગાલન' ના રહસ્ય અને જાદુની ઝલક આપે છે, જે દુનિયા પહેલા ક્યારેય જોઈ નથી. ચિયાન વિક્રમ તેની ભૂમિકામાં અજાયબી કરતો જોવા મળે છે. પા. 'સરપટ્ટ પરંબરાઈ', 'કબાલી' અને 'કાલા' જેવી હિટ ફિલ્મો માટે જાણીતા રંજીથે ફરી એક અનોખી અને અલગ ફિલ્મ બનાવી છે. ટ્રેલર જોયા પછી દર્શકોની ઉત્સુકતા વધી ગઈ છે કે શું થઈ રહ્યું છે.ટ્રેલર તમને એક અલગ જ દુનિયામાં લઈ જાય છે, પરંતુ ફિલ્મની વાર્તા કોલાર ગોલ્ડ ફિલ્ડ્સના વાસ્તવિક ઈતિહાસ વિશે છે. ૨૦૦ વર્ષ પહેલાં, અંગ્રેજોએ કોલાર સોનાની ખાણ ક્ષેત્રની શોધ કરી અને તેનો ઉપયોગ તેમના ફાયદા માટે કર્યો.કે.ઈ. આ ફિલ્મનું નિર્માણ જ્ઞાનવેલ રાજાએ કર્યું છે. તેમનું બેનર 'જીઉ' અને 'થાના સેરાંધા કૂતમ' જેવી ફિલ્મો માટે જાણીતું છે. 'થંગાલન' ઉપરાંત ઘણી બ્લોકબસ્ટર ફિલ્મો બનાવવા માટે જાણીતા કે.ઈ. જ્ઞાનવેલ રાજા આ વર્ષની બીજી મોટી ફિલ્મ રિલીઝ થઈ રહી છે. નામ છે સૂર્યા સ્ટારર ફિલ્મ 'કંગુવા'.ચિયાન સ્ટારર ફિલ્મ 'થંગાલન' વિશે વાત કરીએ તો, તે ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. તે ૫ ભાષાઓમાં આવી રહ્યું છે. હિન્દી, તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ. ફિલ્મનું સંગીત જીવી પ્રકાશ કુમારે આપ્યું છે.તમને જણાવી દઈએ કે સાઉથ સ્ટારર યશ ફિલ્મ 'KGF' પણ કોલાર ગોલ્ડ ફિલ્ડ્સ પર આધારિત હતી, પરંતુ તેની સ્ટોરી એકદમ અલગ હતી. તે જોવાનું રસપ્રદ રહેશે કે ચિયાન વિક્રમની ફિલ્મ 'થંગાલન' KGFથી કેવી અલગ છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ ફિલ્મ બ્લોકબસ્ટર સાબિત થશે.

# SPORTS કોર્નર

## ઓલિમ્પિકમાં કંગાળ પાકિસ્તાન પણ ભારતથી પાછળ છે

ઈસ્લામાબાદ,તા.૧૬

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪નું કાઉન્ટડાઉન શરુ થઈ ચૂક્યું છે. જેના માટે ભારતીય ખેલાડીઓ તૈયાર છે. ઓલિમ્પિકની શરુઆત ૨૬ જુલાઈથી ૧૧ ઓગસ્ટ સુધી ચાલશે.આ વખતે ભારતના ૧૧૧ ખેલાડી આ સૌથી મોટી ટૂર્નામેન્ટ-માં ભાગ લેશે. રમતના મેદાનમાં ચાહકો હંમેશા ભારત અને પાકિસ્તાન વચ્ચે ટક્કર જોવાનું પસંદ કરે છે પરંતુ જ્યારે વાત ઓલિમ્પિકની આવે તો પાકિસ્તાનના ખેલાડી ભારત સામે દુર દુર સુધી જોવા મળતા નથી. ભારત ઓલિમ્પિકમાં પાકિસ્તાનથી આગળ છે. ભારતે પહેલી વખત ૧૯૦૦માં ભાગ લીધો હતો. ઓલિમ્પિકમાં ભારતે અત્યારસુધી ૩૫ મેડલ જીત્યા છે, જેમાં ૧૦ ગોલ્ડ, ૯ સિલ્વર મેડલ અને ૧૬ બ્રોન્ઝ મેડલ સામેલ છે. જેમાં સૌથી વધુ ૮ ગોલ્ડ મેડલ ભારતની હોકી ટીમે જીત્યા છે. ભારતે અત્યારસુધી ૨૫ વખત ઓલિમ્પિકમાં ભાગ લીધો છે. જેમાંથી ૯ ઓલિમ્પિકમાં ખાતું ખોલ્યું છે. તો ૧૯૨૦,૧૯૨૪, ૧૯૭૬,૧૯૮૪,૧૯૮૮ અને ૧૯૯૨ ઓલિમ્પિકમાં ભારતને એક પણ મેડલ મળ્યો ન હતો. છેલ્લી વખત ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિકમાં ભારતીય ખેલાડીએ ઈતિહાસ રચ્યો હતો. ભારતીય ખેલાડીએ શાનદાર પ્રદર્શન કરતા ૭ મેડલ પોતાને નામ કર્યા હતા. અત્યારસુધી ઓલિમ્પિક રમતમાં આ ભારતીય ખેલાડીનું શાનદાર પ્રદર્શન હતુ.

ભારતીય ખેલાડીઓની નજર આ વખતે રોકર્ડ તોડવા પર હશે. વધુમાં વધુ મેડલ દેશના નામે કરવા માગશે. જો પાકિસ્તાનની વાત કરીએ તો પાકિસ્તાનનો ઓલિમ્પિકમાં ખરાબ હાલ છે. પાકિસ્તાને પહેલો મેડલ ૧૯૫૬માં ઓલિમ્પિકમાં ભાગ લીધો હતો. ત્યારથી લઈ અત્યારસુધી માત્ર ૧૦ ઓલિમ્પિક મેડલ જીત્યા છે. સૌથી ચોંકાવનારી વાત તો એ છે કે, પાકિસ્તાને ઓલિમ્પિકમાં છેલ્લો મેડલ ૨૯ વર્ષ પહેલા એટલે કે, ૧૯૯૨માં જીત્યો હતો. ત્યારબાદથી પાકિસ્તાન ઓલિમ્પિક મેડલની રાહ જોઈ રહ્યું છે.

## પૂર્વ સ્ટાર ક્રિકેટરોને રીલ્સ બનાવવી ભારે પડી વિકલાંગોના અપમાન બદલ એફઆઈઆર થઈ

મુંબઇ,તા.૧૬

ટીમ ઈન્ડિયાના પૂર્વ સ્ટાર ક્રિકેટર યુવરાજ સિંહ, હરભજન સિંહ અને સુરેશ રૈના ફરી એકવાર વિવાદમાં છે. ટૂર્નામેન્ટમાં ટાઈટલ જીત્યા બાદ સેલિબ્રેશન કરવું સ્વાભાવિક છે, હરભજન સિંહે સેલિબ્રેશનનો આવો વીડિયો પોસ્ટ કર્યો હતો, જે હવે હંગામાનું કારણ બની ગયો છે. આ વીડિયોમાં હરભજન, યુવરાજ સિંહ, રૈના અને ગુરકીરત માન પર વિકલાંગ લોકોનું અપમાન કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે અને ચારેય પૂર્વ ક્રિકેટરો વિરુદ્ધ દિલ્હીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ૧૩ જુલાઈના રોજ, બર્મિંગહામના એજબેસ્ટન ક્રિકેટ સ્ટેડિયમમાં વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ ટી-૨૦ ટૂર્નામેન્ટની ફાઈનલમાં ભારત ચેમ્પિયન્સ અને પાકિસ્તાન ચેમ્પિયન્સ ટકરાયા હતા. ભૂતપૂર્વ ક્રિકેટરોને સાંકળતી આ ટુર્નામેન્ટમાં, ભારતીય ટીમનું નેતૃત્વ હરભજન સિંહ કરી



રહ્યા હતા અને ભારતીય ચેમ્પિયન્સે ૫ વિકેટે ખિતાબ જીત્યો હતો. ખેલાડીઓ અલગ-અલગ રીતે આ જીતની ઉજવણી કરી રહ્યા હતા અને આ પ્રયાસમાં હરભજન, યુવરાજ, રૈના અને ગુરકીરતે એક વીડિયો બનાવ્યો જેમાં તેઓ લંગડાતા ડ્રેસિંગ રૂમમાં પ્રવેશી રહ્યા હતા. વીડિયોના બેકગ્રાઉન્ડમાં 'તૌબા-તૌબા' ગીત વાગી રહ્યું હતું અને હરભજને કેપ્શનમાં લખ્યું હતું - ૧૫ દિવસ સુધી લિજેન્ડ્સ ક્રિકેટ રમ્યા બાદ અમારું શરીર થાકી ગયું હતું. આ વિડિયોએ વિકલાંગ સમુદાયને નારાજ કર્યો અને ટિપ્પણીઓમાં તેમની ટીકા થઈ. ભારતની પ્રખ્યાત પેરા એથ્લેટ માનસી જોશીએ આ ખેલાડીઓને ફટકાર લગાવતા કહ્યું કે પોલિયોથી પીડિત વિકલાંગ લોકોની આ રીતે મજાક ઉડાવવી એ સારી વાત નથી. જ્યારે ભારતીય પેરાલિમ્પિક સંઘે પણ આના પર નારાજગી વ્યક્ત કરી અને ખેલાડીઓને ઠપકો આપ્યો. હવે આ મામલે વિકલાંગ લોકો માટે કામ કરતી સંસ્થા નેશનલ સેન્ટર ફોર પ્રમોશન ઑફ એમ્પ્લોયમેન્ટ ફોર ડિસેબલ્ડ પીપલએ ચાર ક્રિકેટરો વિરુદ્ધ નવી દિલ્હીના અમર કોલોની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ સિવાય ઈન્સ્ટાગ્રામની માલિક કંપ્રી મેટા સામે પણ આવો વીડિયો પોસ્ટ કરવાની પરવાનગી આપવા બદલ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. એક પોલીસ અધિકારીએ કહ્યું કે આ મામલો સાયબર સેલને સોંપ વામાં આવશે.

વીડિયોને કારણે હંગામો થયા બાદ હરભજન સિંહે ઈન્સ્ટાગ્રામ પર નિવેદન જારી કરીને માફી માંગી હતી. હરભજને પોતાના નિવેદનમાં સ્પષ્ટ કર્યું કે તેનો કે તેના સાથીદારોનો વિકલાંગોની મજાક ઉડાવવાનો કોઈ ઈરાદો નથી. હરભજને કહ્યું કે તે માત્ર એટલું જ કહેવા માંગતો હતો કે સતત ક્રિકેટ રમ્યા બાદ તેનું શરીર આવું બની ગયું છે. હરભજને એમ પણ કહ્યું કે જો તેના વીડિયોથી કોઈને દુઃખ પહોંચ્યું હોય તો તે તેના માટે માફી માંગે છે. વિવાદ વધ્યા બાદ હરભજને આ વીડિયો ડિલીટ પણ કરી દીધો હતો. આ વીડિયો માટે સુરેશ રૈનાએ માફી પણ માંગી છે.

## શુભમન ગિલને કેપ્ટનશિપ કેવી રીતે કરવી તે આવડતું જ નથી: પૂર્વ ક્રિકેટર



મુંબઇ,તા.૧૬

રોહિત શર્મા બાદ ટી૨૦ ક્રિકેટમાં ભારતીય ટીમની કમાન કોના હાથમાં સોંપાશે તેને લઈને ચર્ચા થઈ રહી છે. કેપ્ટનશીપમાં શુભમન ગિલના નામની પણ ચર્ચા થાય છે અને હાલ ઝિમ્બાવે પ્રવાસે પણ તેની આગેવાની હેઠળ જ યજમાન ટીમને ૪-૧થી હરાવ્યું છે. ત્યારે ગિલની કેપ્ટન્સીને લઈને પૂર્વ ભારતીય ખેલાડીએ એવો દાવો કર્યો કે જેને લઈને ભારતીય ક્રિકેટમાં ખળભળાટ મચી ગયો છે. ભારતીય ટીમના પૂર્વ ખેલાડી અમિત મિશ્રાએ એક પોડકાસ્ટમાં ગિલની કેપ્ટનશીપ્રી ટીકા કરીને સવાલો ઉઠાવ્યા હતા. પોડકાસ્ટમાં જ્યારે મિશ્રાને પૂછવામાં આવ્યું કે શું ગિલ ભારતનો ભાવિ કેપ્ટન છે. ત્યારે અમિત મિશ્રાએ આના પર પ્રતિક્રિયાઆપતા સીધું જ કહી દીધુ હતું કે, 'ગિલને કેપ્ટન્સી કેવી રીતે કરવી તેનો કોઈ આઈડ્યા જ નથી. મેં તેને આઈપીએલ કેપ્ટનશીપ કરતા જોયો છે, ગિલને કેપ્ટનશીપ કેવી રીતે કરવી તે આવડતું જ નથી.' આ ઉપરાંત અમિત મિશ્રાએ વધુમાં કહ્યું હતું કે, 'મને લાગે છે કે ઋતુરાજ ગાયકવાડ ગિલ કરતાં વધુ સારો ખેલાડી છે. હું ગિલનો કોઈ હેટર નથી, પરંતુ મને લાગે છે કે ઋતુરાજને કેપ્ટન્સી આપવી જોઈતી હતી. ગિલને વધુ તકો મળી રહી છે કારણ કે રાહુલ દ્રવિડ તેને વધુ પસંદ કરે છે.' અમિત મિશ્રાનું આ નિવેદન સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યું છે. નોંધનીય છે કે રોહિત શર્માની ટી૨૦માંથી નિવૃત્તિ પછી ટી૨૦માં ભારતનો આગામી સુકાની પર ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવનાર છે. હાર્દિક પંડ્યારેસમાં સૌથી આગળ જોવા મળી રહ્યો છે. ગિલ સિવાય સૂર્યકુમાર અને પંતના નામની પણ ચચર્થિઈ રહી છે. ગૌતમ ગંભીરના કોચ બન્યા બાદ હવે જોવાનું એ રહેશે કે શ્રીલંકા સામેની સીરીઝ માટે ભારતની કેપ્ટનશીપ કયા ખેલાડીને મળે છે.

# નોઈડાની નૈનિતાલ બેંકનું સર્વર હેક કરી ૧૬.૫૦ કરોડ રૂપિયાની કરી ચોરી

નોઈડા, તા.૧૬

યુપીના નોઈડામાં આવેલી નૈનીતાલ બેંકની શાખામાંથી એક મોટો સાયબર ક્રાઈમ કેસ પ્રકાશમાં આવ્યો છે. સાયબર ઠગોએ અહીંથી ૧૬.૫૦ કરોડ રૂપિયાની લૂંટ કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૬.૫૦ કરોડ રૂપિયા કથિત રીતે સાયબર લૂંટ દ્વારા અજાણ્યા છેતરપિંડી કરનારાઓના વિવિધ ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.




આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (સાયબર ક્રાઈમ) વિવેક રંજન રાયે જણાવ્યું કે પોલીસે જૂનમાં પાંચ દિવસના સમયગાળામાં બનેલા ગુનાની તપાસ શરૂ કરી દીધી છે. રાયે કહ્યું, 'સેક્ટર ૬૨ સ્થિત નૈનીતાલ બેંક શાખાના IT મેનેજરે અહીંના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે કેટલાક અજાણ્યા લોકોએ ૧૬ અને ૨૦ જૂનની વચ્ચે બેંકના સર્વરને હેક કર્યું હતું.'

અધિકારીએ જણાવ્યું હતું કે, ''આ ગુનાના ગુનેગારોએ બેંક મેનેજરના લોગિન આઈડી અને પાસવર્ડ પર નિયંત્રણ મેળવવા માટે હેક કરેલા સર્વરનો ઉપયોગ કર્યો હતો.'' આમ કરીને બેંક માંથી વિવિધ ખાતાઓમાં ૧૬.૫૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે આ મામલે અત્યાર સુધી કરવામાં આવેલી તપાસમાં પ્રકાશમાં આવ્યું છે કે આ રકમ અલગ-અલગ ૮૯ ખાતાઓમાં મોકલવામાં આવી છે. તેમણે કહ્યું કે આ મામલાની તપાસ માટે એક વિશેષ ટીમની રચના કરવામાં આવી છે.

# મુકેશ અંબાણીના પુત્રના લગ્નમાં બ્લાસ્ટની ધમકી આપનાર ઝડપાયો

વડોદરા , તા.૧૬

વિશ્વના ટોચના ધનિકોમાં સામેલ અબજપતિ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીના લગ્નમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપનારો પકડાઈ ગયો છે. પોલીસે આરોપીને વડોદરા માંથી પકડ્યો છે.

ઉલ્લેખનીય છે કે અનંત અંબાણીના લગ્ન ૧૨ થી ૧૫ જુલાઈ દરમિયાન બાંદ્રા કુર્લાના જિયો કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયા હતા. તેમાં વિશ્વભરના ઉદ્યોગપતિઓ, વડાપ્રધાન સહિત રાજકીય આગેવાનો તેમજ ફિલ્મી હસ્તીઓ સહિતની અન્ય પ્રતિભાશાળી હસ્તીઓએ હાજરી આપી હતી.

આ દરમિયાન ઈમેલ દ્વારા અનંત અંબાણીના લગ્ન દરમિયાન બ્લા-સ્ટ કરવાની ધમકી આપવામાં આવી હતી. તેમાં દુનિયાભરમાં ઉથલ



પાથલ મચાવવાની વાત કહેવામાં આવી હતી. ધમકી આપતો મેલ મળતા મુંબઈ પોલીસ દોડતી થઇ હતી અને તપાસનો ધમધમાટ વડોદરા સુધી પહોંચ્યો હતો. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ વડોદરાના બાપોદ વિસ્તારમાં ધસી આવી હતી અને વાઘોડિયા રોડ પર સુવર્ણ લક્ષ્મી એપાર્ટમેન્ટમાં દરોડો પાડી વિરલ કલ્પેશભાઈ આશરા નામના આરોપીને દબોચી તરત જ મુંબઈ રવાના થઈ હતી.

# ડોનાલ્ડ ટ્રમ્પ ફરી પાછા મેદાનમાં

**પટ્ટો બાંધીને પહોંચ્યા રિપબ્લિકન નેશનલ કન્વેશનમાં,તાળીઓથી કરાયું સ્વાગત. ૧૩ જુલાઈએ પેન્સિલ્વેનિયાની રેલી દરમિયાન ટ્રમ્પ પર ગોળી ચલાવવામાં આવી હતી.**

યુએસએ, તા.૧૬

પેન્સિલ્વેનિયાની રેલીમાં હુમલા પછી ડોનાલ્ડ ટ્રમ્પ પ્રથમ વખત સોમવારે કાન પર પટ્ટો બાંધીને રિપબ્લિકન નેશનલ કન્વેશન પહોંચ્યા છે. આ દરમિયાન લોકોએ તાળીઓથી તેમનું સ્વાગત કર્યું હતું. મિલ્વૈકીમાં જ્યારે ટ્રમ્પ પહોંચ્યા તો તેમના જમણા કાન પર પટ્ટો બાધેલો હતો. તેમના સ્વાગત માટે ગોડ બ્લેસ ધ યુએસએ ગીત પણ વાગી રહ્યું હતું. ૧૩ જુલાઈએ પેન્સિલ્વેનિયાની રેલી દરમિયાન ટ્રમ્પ પર ગોળી ચલાવવામાં આવી હતી. આ હુમલામાં ગોળી ટ્રમ્પના કાનને ચીરીને નીકળી ગઈ હતી.



આ હુમલાના ૪૮ કલાક પછી રિપબ્લિકન પાર્ટીએ તેમને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ચૂંટ્યા છે. આ દરમિયાન ઈવ્રઝમાં ટ્રમ્પના પહોંચતા જ સમર્થકોએ USA-USAના નારા લગાવ્યા હતા. સાથે જ ટ્રમ્પની જેમ હવામાં મુઠ્ઠી લહેરાવતા લોકો લડો-લડો કહેતા જોવા મળ્યા હતા. કન્વેશન સેન્ટરથી ટ્રમ્પના જવા દરમિયાન લોકોએ વી લવ ટ્રમ્પના નારા પણ લગાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે અમેરિકામાં ૫ નવેમ્બરે રાષ્ટ્રપતિ પદની ચૂંટણી થવાની છે. આ કારણે હાલ અમેરિકામાં ઘણી રાજકીય હલચલ થઈ રહી છે. ચૂંટણી પહેલા ટ્રમ્પને રિપબ્લિકન ઉમેદવાર તરીકે ચૂંટવામાં આવ્યા છે. તેમણે જેડી વેન્સને અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ ઉમેદવાર તરીકે ચૂંટ્યા છે. ટ્રમ્પે કહ્યું કે તેમણે આ નિર્ણય લાંબા વિચાર-વિમર્શ પછી અને સમજી વિચારીને લીધો છે.

ઉપરાષ્ટ્રપતિ પદ માટેની જાહેરાત પછી ૩૯ વર્ષના જેમ્સ ડેવિડ વેન્સના નામનો કોઈએ પણ વિરોધ કર્યો નહોતો. વેન્સ ૨૦૨૨માં પ્રથમ વખત ઓહાયોથી સીનેટર ચૂંટાયા હતા. તેમને ટ્રમ્પના નજીકના ગણવામાં આવે છે. જોકે તે ટ્રમ્પ સમર્થક બનતા પહેલા ૨૦૨૧ સુધી કટ્ટર વિરોધી રહ્યાં હતા. બીજી તરફ મૂળ ભારતીયોમાં વિવેક રામાસ્વામી અને નિક્કી હેલીનું નામ હતું. જોકે તેમને ચૂંટવામાં આવ્યા નહોતા.

તપાસ એજન્સી એફબીઆઈએ કહ્યું કે ટ્રમ્પ પર થયેલા ગોળીબારના હેતુની તપાસ કરવામાં આવી રહી છે. સૂત્રોએ ન્યુયોર્ક પોસ્ટને જણાવ્યું કે પકડાયેલા હુમલાખોર થોમસ મેથ્યુ ક્રૂક્સના ફોનમાંથી કોઈ જ સ્પષ્ટીકરણ મળ્યું નથી. અધિકારીઓ હવે તેનું પગેરું શોધવા ક્રૂક્સના લેપટોપની તપાસ કરી રહ્યાં છે. જે દિવસે તેણે ગોળીબાર કર્યો હતો, શંકાસ્પદે અલેઘેની આર્મ્સ એન્ડ ગન વર્ક્સ પાસેથી ૫૦ બુલેટ્સ અને હોમ ડેપો ખાતેથી એક સીડી ખરીદી હતી. આ તે જ સીડી છે, જેનો ઉપયોગ ક્રુક્સે ફેક્ટ્રીની છત પર ચઢવા માટે કર્યો હતો, ત્યાંથી તેણે ટ્રમ્પ પર ફાયરિંગ કર્યું હતું.

**સંપૂર્ણ રીતે ઓનલાઈન પેમેન્ટ પદ્ધતિથી લેવામાં આવશે**

# મોબાઈલ એપ્લિકેશનનો અમલ શરૂ, ખેડૂતો અને વેપારીઓને ફાયદો

ગાંધીનગર, તા.૧૬

દેશમાં વન પેદાશોના વહનમાં વધુ સરળતા તેમજ ઝડપ આવે તે માટે 'વન નેશન, વન ટ્રાન્ઝિટ પાસ' સિસ્ટમ અમલી બનાવવામાં આવી છે. ગુજરાતમાં 'વન નેશન, વન ટ્રાન્ઝિટ પાસ' સિસ્ટમ અંતર્ગત આંતર રાજ્ય વન પેદાશોના પરિવહન માટેના 'ઈ-વાહતુક પાસ'ના અમલથી વેપાર તેમજ પરિવહનમાં વધુ ઝડપ-પારદર્શકતાની સાથે ખેડૂતો-વેપારીઓની આવક વધશે.વન મંત્રી મૂળુભાઈ બેરા તેમજ વન રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગરથી કેન્દ્રની 'રાષ્ટ્રીય પરિવહન પાસ' પ્રણાલી માટેના ડેસ્કટોપ આધારીત વેબ પોર્ટલ તેમજ મોબાઈલ એપ્લિકેશનનો ગુજરાતમાં આજથી અમલ કરવામાં આવ્યો હતો.

વન મંત્રી મૂળુભાઈએ 'રાષ્ટ્રીય પરિવહન પાસ' પ્રણાલી અંગે વધુ વિગતો આપતા કહ્યું હતું કે,જ્યારે એક રાજ્યથી બીજા રાજ્યમાં વન પેદાશો લઈ જવામાં આવે છે ત્યારે બોર્ડર-ચેકપોસ્ટ ઉપર જે તે રાજ્યના નિયમો મુજબ રકમ વસૂલ કરી નવેસરથી ટ્રાન્ઝિટ પાસ ઈસ્યુ કરવાની પ્રથા અમલમાં હતી. દરેક રાજ્યના નિયમો/ટ્રાંસિટ પાસની રકમ તેમજ સત્તાવાર ભાષા અલગ હોવાથી વન પેદાશોના વાહતુકમાં બાધા અનુભવાતી હતી. આ વહીવટી મુશ્કેલીઓ નિવારવા માટે કેન્દ્ર સરકાર દ્વારા 'વન નેશન, વન ટ્રાન્ઝિટ પાસ'ના હેતુથી 'રાષ્ટીય પરિવહન પાસ પ્રણાલી'ના અભિગમને શરૂ કરવામાં આવ્યો છે. આ સિસ્ટમ ખાનગી જમીનો, સરકારી, ખાનગી ડેપો અને અન્ય વન પેદાશોનું અંતરરાજ્ય અને આંતર રાજ્ય પરિવહન માટે ટ્રાન્ઝિટ પાસે દેખરેખ અને રેકોર્ડ રાખવામાં મદદ કરે છે. વન મંત્રીએ નેશનલ ટ્રાન્ઝિટ પાસ સિસ્ટમની મુખ્ય વિશેષતાઓ અંગે કહ્યું હતું કે, આ ડેસ્કટોપ આધારિત વેબ પોર્ટલ તેમજ મોબાઈલ એપ્લિકેશન તરીકે ઉપલબ્ધ છે.

વેબ-પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશન દ્વારા અધિકૃત વન પેદાશો માટે ટ્રાન્ઝિટ પાસ-અથવા મુક્તિ આપેલ જાતો માટેનો ઓબ્જેક્શન સર્ટિફિકેટ માટેની અરજીઓની ઓનલાઈન નોંધણી અને સબમિશન કરી શકાય છે. ખેડૂત મિત્રો દ્વારા ખાનગી જમીન પર ઉગાડવામાં આવતી પ્રજાતિઓ માટે સરળતા થી ઓનલાઈન અરજી કરી શકાય છે. વિવિધ જાતિઓની શ્રેણીના આધારે ટ્રાન્ઝિટ પાસે અથવા એનઓસી ઓનલાઈન ઈસ્યુ કરવામાં આવે છે. આ ઉપરાંત ટ્રાન્ઝિટ પાસ દીઠ રકમ રૂ. ૨૦ જે અગાઉ રોકડમાં લેવામાં આવતી હતી જે બંધ કરી હવે પોર્ટલ અથવા મોબાઈલ એપમાં સંપૂર્ણ રીતે ઓનલાઈન પેમેન્ટ પદ્ધતિથી લેવામાં આવશે. મંત્રીએ સિસ્ટમના મુખ્ય ફાયદા સમજાવતા કહ્યું હતું કે, લાકડું અને અન્ય ગૌણ વન પેદાશો માટે ભૌતિક રીતે વન કચેરીઓમાં ગયા વિના ઘરે બેઠા ઝડપથી પાસ ઈસ્યુ થશે. મેન્યુઅલ પેપર આધારિત ટ્રાન્ઝિટ પાસને બદલે ઊઈ કોડ ધરાવતા પાસ ઈસ્યુ કરવામાં આવે છે. વેપાર કરવામાં સરળતા ખાતર વન પેદાશોના પરિવહન માટે હવે સમગ્ર ભારત માટે એક જ પાસની જરૂરીયાત રહેશે. મોબાઈલ એપની મદદથી રાજ્યની સરહદોથી મૂળ સ્થાનથી ગંતવ્ય સુધી કોઈપણ પ્રકારની અડચણ વગર પરિવહન શક્ય બનશે. લાકડા આયાતકારો, ઉત્પાદકો, ખેડૂતો અને ટ્રાન્સપોર્ટરોને પાસ મેળવવામાં અને ફોરેસ્ટ ચેકપોસ્ટ પર થતી વિલંબને નિવારણ થશે. 'Ease of Doing Business'ના પરિણામે અગ્રોફોરેસ્ટ્રી પ્રવૃત્તિઓને વધુ પ્રોત્સાહન મળશે. આ સાથે પરિવહન ખર્ચ અને સમયની બચતથી ખેડૂતો અને વેપારીઓને ફાયદો થશે તેના બદલામાં ખેડૂતોની આવક વધારવામાં મદદ થશે.

# ટ્રમ્પના ઈલેક્શન કેમ્પેઈન માટે દર મહિને ૪૫ મિલિયન ડોલર આપશે મસ્ક



વોશિંગ્ટન,તા.૧૬

ટેસ્લા અને સ્પેસએક્સના સીઇઓ ઈલોન મસ્ક નોંધપાત્ર નાણાકીય સહાય સાથે ડોનાલ્ડ ટ્રમ્પના પ્રેસિડેન્ટ ઈલેક્શન કેમ્પેઈનને ટેકો આપવાનું આયોજન કરી રહ્યા છે, અહેવાલ મુજબ, ટ્રમ્પના રીઈલેક્શનને મજબૂત કરવા માટે મસ્ક દર મહિને ૪૫ મિલિયન ડોલરનું યોગદાન આપશે.ટ્રમ્પે હત્યાના પ્રયાસમાંથી બચી ગયાના બે દિવસ પછી પક્ષના સમર્થકોને અભિવાદન આપ્યું હતું. ટ્રમ્પ, તેના જમણા કાન પર જાડી પટ્ટી પહેરીને, મિલવૌકીના ડાઉનટાઉનમાં ફિઝર્વ ફોરમ પર પહોંચ્યા, જ્યાં ભીડે ઘણા નારા લગાવ્યા અને ટ્રમ્પના સ્વાગતમાં તાળીઓ પણ વગાડી. આ ઉષ્માભર્યા સ્વાગતથી ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ખૂબ જ પ્રભાવિત થયા હતા. આ ચાર દિવસીય કોન્ફરન્સ ટ્રમ્પે નોંધપાત્ર કાનૂની વિજય મેળવ્યાના કલાકો પછી શરૂ થઈ, જેમાં ફેડરલ ન્યાયાધીશે તેના એક ફોજદારી કેસને બરતરફ કર્યો હતો. ૫ નવેમ્બરની ચૂંટણીમાં ડેમોક્રેટિક પ્રમુખ જો બાઈડન સામે શોડાઉન ગોઠવીને ટ્રમ્પ ગુરુવારે પ્રાઈમ-ટાઈમ ભાષણમાં પક્ષના નામાંકનને ઔપચારિક રીતે સ્વીકારવાના છે.

# વડાપ્રધાન મોદી ૨૬ સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠકને સંબોધિત કરશે

નવીદિલ્હી,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સપ્ટેમ્બરમાં ન્યૂયોર્કમાં યોજાનારી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની ઉચ્ચ સ્તરીય બેઠકને સંબોધિત કરી શકે છે. જનરલ એસેમ્બલીના પ્રમુખ ડેનિસ ફ્રાન્સિસના કાર્યલિય દ્વારા જારી કરાયેલા પ્રારંભિક કાર્યક્રમમાં આ માહિતી આપવામાં આવી છે. સોમવારે જારી કરાયેલા શેડ્યૂલ મુજબ પીએમ મોદીનું ભાષણ ૨૬ સપ્ટેમ્બરે બપોરના સત્રમાં યોજાશે. બાદમાં એ જ સત્રમાં, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને નેપાળના વડા પ્રધાનના સંબોધન પણ નિર્ધિરિત કરવામાં આવ્યા છે. આ વાર્ષિક બેઠક માટે વિવિધ દેશોના રાષ્ટ્રના વડાઓ અને અન્ય વરિષ્ઠ નેતાઓ સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલય ખાતે ભેગા થાય છે. પીએમ મોદી પાંચમી વખત ત્યાં હાજર રહીને સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કરશે.

આ ઉપરાંત, ૨૦૨૦ માં કોવિડ રોગચાળા દરમિયાન, તેમણે વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા ઉચ્ચ સ્તરીય બેઠકને સંબોધિત કરી હતી.



ત્રીજી વખત વડાપ્રધાન બન્યા બાદ તેઓ પ્રથમ વખત સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયની મુલાકાત લેશે. તેમણે ગયા વર્ષે જૂનમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર સંયુક્ત રાષ્ટ્રની મુલાકાત લીધી હતી, જોકે સપ્ટેમ્બરમાં ઉચ્ચ સ્તરીય બેઠકમાં તેઓ હાજર રહ્યા ન હતા. જનરલ એસેમ્બલીની વાર્ષિક બેઠકમાં, વિવિધ દેશો આંતરરાષ્ટ્રીય નીતિઓ નક્કી કરે છે અને ભાષણોમાં વિકાસ પર ટિપ્પણી કરે છે, જેનું નિરીક્ષણ કરવામાં આવે છે. પરંતુ વધુ મહત્વપૂર્ણ કાર્ય પડદા પાછળ થાય છે કારણ કે નેતાઓ ડઝનેક દ્વિપક્ષીય બેઠકો કરે છે અને વિવિધ ફોરમમાં હાજરી આપે છે.

વડાપ્રધાન મોદી હંમેશા સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને હિન્દીમાં સંબોધતા હોય છે. આ પહેલા બુધવારે પીએમ નરેન્દ્ર મોદી ઓસ્ટ્રિયા ગયા હતા. અહીં ઓસ્ટ્રિયામાં તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું અને વિયેનામાં ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું. આ દરમિયાન પીએમ મોદી સાથે ઓસ્ટ્રિયાના ચાન્સેલર કાર્લ નેહમર પણ હાજર હતા, જેમણે ફેડરલ ચાન્સેલરીમાં ગેસ્ટ બુક પર હસ્તાક્ષર કર્યા હતા. પીએમ મોદી રશિયામાં બે દિવસ વિતાવ્યા બાદ ઓસ્ટ્રિયા ગયા હતા. ઓસ્ટ્રિયાના વિદેશ મંત્રી એલેક્ઝાન્ડર શેલેનબર્ગે તેમનું સ્વાગત કર્યું હતું.

# ૩૪૬ સંરક્ષણ ઉત્પાદનો સ્વદેશી કંપનીઓ પાસેથી જ ખરીદવામાં આવશે, હજાર કરોડથી વધુનો ફાયદો

નવીદિલ્હી,તા.૧૬

સંરક્ષણ ક્ષેત્રમાં ભારત ઝડપથી આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યું છે. સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા અને સંરક્ષણ ઉત્પાદનોની આયાત ઘટાડવા માટે, સંરક્ષણ ઉત્પાદન વિભાગે ૩૪૬ વસ્તુઓની પાંચમી સકારાત્મક સ્વદેશીકરણ સૂચિ જારી કરી છે. આ યાદીમાં વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ લાઇન રિપ્લેસમેન્ટ યુનિટ્સ, સિસ્ટમ્સ, પેટા-સિસ્ટમ્સ, એસેમ્બલીઓ, સબ-એસેમ્બલીઝ અને સંરક્ષણ ઉત્પાદનો માટે કાચો માલ સામેલ છે. આ પછી સરકારી સંરક્ષણ કંપનીઓ આ ઉત્પાદનોની આયાત કરી શકશે નહીં.

સંરક્ષણ મંત્રાલયે વર્ષ ૨૦૨૦માં સૃજન સંરક્ષણ પોર્ટલ શરૂ કર્યું. આ પોર્ટલ પર, સંરક્ષણ ઉત્પાદન વિભાગો અને સેવાઓનું મુખ્ય મથક એમએસએમઈ કંપનીઓ અને વિવિધ સ્ટાર્ટ-અપ્સ સહિતના ઉદ્યોગોને સ્વદેશીકરણ માટે સંરક્ષણ વસ્તુઓ પ્રદાન કરે છે. સ્વદેશીકરણની નવી યાદી જે તૈયાર કરવામાં આવી છે તે સમયમર્યાદા પછી ભારતીય ઉદ્યોગો પાસેથી મેળવવામાં આવશે. તેનાથી આયાતના રૂ. ૧,૦૪૮ કરોડની બચત થશે. આ ઉપરાંત, આનાથી અર્થતંત્રને પણ વેગ મળશે અને સંરક્ષણ ક્ષેત્રમાં રોકાણ વધશે અને આયાત પર નિર્ભરતા ઘટશે. આ ઉપરાંત, આ પગલું શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓની ભાગીદારીને કારણે સ્થાનિક સંરક્ષણ ઉદ્યોગની ડિઝાઈન ક્ષમતાને પણ વધારશે.

જે વસ્તુઓની યાદી બહાર પાડવામાં આવી છે તેમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ, ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ, ભારત ડાયનેમિક્સ લિમિટેડ, બીઈએમએલ લિમિટેડ, ઈન્ડિયા ઑપ્ટેલ લિમિટેડ, મઝાગન ડૉક શિપબિલ્ડર્સ લિમિટેડ, ગોવા શિપયાર્ડ લિમિટેડ, ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ, હિન્દુસ્તાન લિમિટેડ જેવી કંપનીઓનો સમાવેશ થાય છે. દ્વારા તૈયાર કરવામાં આવશે.

અગાઉ, સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ ડિફેન્સ પ્રોડક્શન દ્વારા તૈયાર કરવામાં આવેલી આ પાંચ યાદીઓ ડિપાર્ટમેન્ટ ઑફ મિલિટરી અફેર્સ દ્વારા સૂચિત ૫૦૯ વસ્તુઓની પાંચ સકારાત્મક સ્વદેશીકરણ સૂચિ ઉપરાંત છે. આ યાદીઓમાં અત્યંત જટિલ સિસ્ટમ, સેન્સર, શસ્ત્રો અને દારૂગોળો સામેલ છે. જૂન ૨૦૨૪ સુધીમાં,ડીપીએસયુ અને એસએચકયુ દ્વારા સ્વદેશીકરણ માટે સંરક્ષણ ઉદ્યોગને ૩૬,૦૦૦ થી વધુ સંરક્ષણ વસ્તુઓ ઓફર કરવામાં આવી હતી. તેમાંથી, છેલ્લા ત્રણ વર્ષમાં ૧૨,૩૦૦ થી વધુ વસ્તુઓનું સ્વદેશીકરણ કરવામાં આવ્યું છે. તેના કારણે સ્થાનિક સંરક્ષણ કંપનીઓને રૂ. ૭,૫૭૨ કરોડના ઓર્ડર મળ્યા છે.




ગુજરાતી ફિલ્મ ''ચોર ચોર'' ના નિર્માતા વિવેકા પટેલ અને દિગ્દર્શક રાજન રાઠોડ છે. આ ફિલ્મમાં સુનિલ વિશ્રાણી, ભૂષણ ભટ્ટ, વિવેકા પટેલ, રાજન રાઠોડ જેવા ઉમદા કલાકારો પણ જોવા મળશે. આ ફિલ્મ નું ટ્રેલર ધૂમ મચાવી રહ્યું છે. હાસ્ય ની રમખાણ લઈને આવી રહી છે ફિલ્મ ચોર ચોર ૨૬ જુલાઈ ૨૦૨૪ થી આપના નજીકના સિનેમાઘરોમાં.

# પાકિસ્તાનમાં પેટ્રોલની કિંમત ૩૦૦ રૂપિયા પ્રતિ લીટરની નજીક પહોંચી

ઈસ્લામાબાદ,તા.૧૬

પાડોશી દેશ પાકિસ્તાનની જનતા પર ફરી એકવાર મોંઘવારીનો 'પેટ્રોલ' બોમ્બ ફૂટ્યો છે.પાકિસ્તાન સરકારે ફરીથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો છે. આ વધારા સાથે પાકિસ્તાનના ઈતિહાસમાં પહેલીવાર પેટ્રોલ અને ડીઝલની કિંમત ૩૦૦ રૂપિયા પ્રતિ લીટરની નજીક પહોંચી ગઈ છે.પાકિસ્તાનની રખેવાળ સરકારે પેટ્રોલના ભાવમાં ૯.૯૯ રૂપિયા પ્રતિ લીટરનો વધારો કર્યો છે.

આ પછી પેટ્રોલની કિંમત ૨૭૫.૬૦ રૂપિયા થઈ ગઈ છે. ડીઝલની કિંમતમાં ૬.૧૮ રૂપિયાનો વધારો થયો છે, જે ૫છી ડીઝલ ૨૮૩.૬૩ રૂપિયા પ્રતિ લિટર થઈ ગયું છે. આના માત્ર ૧૪ દિવસ પહેલા એટલે કે ૧ જુલાઈએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૭ અને ૯ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. એક્સપ્રેસ ટ્રિબ્યુને પાકિસ્તાનના નાણા મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશનના આધારે તેના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, પેટ્રોલના ભાવમાં પ્રતિ લીટર ૭.૪૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે અને હાઈ-સ્પીડ ડીઝલ (એચએસડી)ની કિંમતમાં ૯.૫૬ રૂપિયા પ્રતિ લિટર વધારો કરવામાં આવ્યો છે.

# જખૌ નજીકથી વધુ ૧૦ ડ્રગ્સ પેકેટ મળી આવ્યા



કચ્છની દરિયાઇ સીમામાંથી માદક દ્રવ્યોનો જથ્થો મળી આવવાનો સિલસિલો યથાવત રહ્યો છે. બીએસએફના જવાનોને જખૌના કોસ્ટલ વિસ્તારમાંથી ડ્રગ્સના ૧૦ પેકેટ મળી આવ્યા હતા ૧ કિલોના ૧૦ પેકેટ ડ્રગ્સના મળતા તેનો કબ્જો લઇ પોલીસને સોંપવામાં આવ્યા છે. લાંબા વિરામ બાદ ફરી ડ્રગ્સનો જથ્થો કચ્છની દરિયાઇ પટ્ટીમાંથી મળી આવ્યો છે.બીએસએફ દ્વારા નિર્જન ટાપુઓ, જખૌના દરિયાઈ વિસ્તાર અને ક્રીક વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ જે દરમ્યાન આ જથ્થો મળી આવ્યો હતો. બીએસએફ દ્વારા જૂન મહિનાથી અત્યાર સુધીમાં ડ્રગ્સના ૧૯૨ પેકેટ કબ્જે કરવામાં આવ્યા છે. આ સાથે અન્ય એજન્સીઓએ પણ અલગ-અલગ વિસ્તારમાંથી અલગ-અલગ ડ્રગ્સ કબ્જે કર્યુ છે.

# ગાંધીધામમાંથી તાજુ જન્મેલ બાળક મળ્યુ

માનવતાને સર્મશાર કરતા કિસ્સા કચ્છમાં પણ બની રહ્યા છે ત્યારે ગાંધીધામ ભરતનગર રેલવે ઝુંપડપટ્ટી નજીકથી રામદેવપીર મંદિરની બાજુમા આવુજ એક ત્યજી દેવાયેલુ બાળક મળી આવ્યુ હતુ. બાજુમાં રહેતા કિસન અરજણ આહીર ના ઘર ની પાછળ કોઇ બાળક ને મુકીને ભાગી ગયું હતું કિસન આહિરને બાળક રડતું હોય એવો અવાજ આવતા તેઓ ત્યા પહોંચ્યા હતા ત્યા નવજાત બાળક પડેલ હતું. ઘટના અંગે તેઓએ ૧૦૮ ને જાણ કરી હતી જેથી આદિપુર



૧૦૮ ત્યા પહોચી હતી બાળકને તાત્કાલીક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાઇ હતી કાર્યવાહીમાં ઈએમટી રાજેશ ચૌધરી અને પાઈલોટ પ્રવીણ ઠાકોર ૧૦૮ લઈને ઘટના સ્થળ પર પહોચી તપાસ કરી હતી જેમાં બાળક ખુલ્લી ગટર પર પડ્યુ હતુ જેને પ્રાથમીક સારવાર બાદ રામબાગ હોસ્પિટલ ખાતે ખસેડાયુ હતુ. બનાવ સંદર્ભે એ ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.જો કે રામ રાખે તેને કોણ ચાખે તેમ ત્યજી દેવાયેલુ બાળક હાલ સ્વસ્થ જીવતુ રહ્યુ છે.

# પિતા ના અચાનક મૃત્યુ થી અમારી બે બહેનો નું ભવિષ્ય શું ??

**મુન્દ્રા પોર્ટ નજીક ટ્રક હડફેટે મૃત્યુ પામેલ આધેડ ના પરિવાર જનો એ મૃત્દેહ સ્વીકારવાની ના પાડી પછી ૪કલાક સુધી પરિવાર જનો અને કંપની ના સતાધીશો ની વાતચીત બાદ મૃતદેહ સ્વીકારાયો યોગ્ય વળતરની ખાતરી**



મુન્દ્રા, તા.૧૬

મુન્દ્રા પોર્ટ નજીક આવેલ સીએફએસ સર્કલ નજીક શનિવારના સાંજે ટ્રક હડફેટે ખાનગી કંપની માં કામ કરતા અશોક સામંતરાય ઉંમર ૫૦ નું ગંભીર ઈજાઓ થી કમકમાટી ભર્યું મૃત્યુ થયું હતું. શનિવારના આખી રાત્રિ સુધી પરિવાર જનો અને કંપની ના કર્મચારીઓ તેમજ ઓરિસ્સા ના રહેવાસીઓ મુન્દ્રા ની જનરલ હોસ્પિટલ માં મ્રુતકના પરિવાર જનો ને યોગ્ય વળતર મળે એ માટે હોસ્પિટલ રહ્યા હતા. અને માંગ કરી હતી રવિવારએ સવાર થી મુન્દ્રા ની જનરલ હોસ્પિટલ માં પરિવાર જનો એ મ્રુતક આધેડનો મૃત્દેહ સ્વીકારવાની ના પાડી હતી અને પરિસ્થિતિ કફોડી બની હતી.

હતભાગી અશોકની નાની પુત્રી એ રડતા રડતા જણાવ્યું કે મારા પિતાજી ૨૬ વર્ષ થી એ ખાનગી કંપની માં ફરજ બજાવતા હતા અને હું ને મારી બહેન અભ્યાસ કરીએ છીએ તો અમારો ભવિષ્ય શું ?? મારા પિતાજી અચાનક ચાલ્યા જતા અમારો અભ્યાસ પર જોખમ ઊભો થયો છે. અમને યોગ્ય વળતર નહીં મળે તો અમે પિતાજી નો મૃત્દેહ નહીં સ્વીકારીએ. બાદમાં મુન્દ્રા શહેર ભાજપના પ્રમુખ સંજય ઠક્કર અને સુધરાઇ ના કારોબારી ચેરમેન ભોજરાજ ગઢવી ચેરમેન શક્તિસિંહ રાઠોડ હોસ્પિટલ પહોંચ્યા હતા અને કંપની ના સતાધીશો અને પરિવારજનો વચ્ચે બે કલાક વાતચીત ચાલી હતી ભાજપના આગેવાન પ્રણવ જોશી, આશાપુરા ચેરીટેબલ ટ્રસ્ટના દિલીપસિંહ જાડેજા પરિવાર જનો ને યોગ્ય વળતર મળે એ માટે કંપની ના જવાબદારો સાથે વાતચીત કરી હતી.જે લાંબી વાતચીત બાદ પરિવારજનો ને યોગ્ય વળતર નો આશ્વાસન મળતા લાશ સ્વીકારવા સહમત થયા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

## મખણા ગામને હાઈસ્કૂલના નવનિર્મિત અદ્યતન સંકુલની સુવિધા મળી




ભુજ તા.૧૬

તાલુકાના મખણા ગામે નવનિર્મિત માધ્યમિક શાળાનું લોકાર્પણ જીલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજાના વરદ હસ્તે કરી ગામને શિક્ષણ ક્ષેત્રે ભેટ અપાઈ હતી. આ પસંગે ધારાસભ્ય કેશુભાઇ પટેલ, જીલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેન વીરમ ગઢવી, સામાજીક ન્યાય સમિતિના ચેરમેન કુંવરબેન મહેશ્ર્વરી, તાલુકા પંચાયતના પ્રમુખ વિનોદ વરસાણી, તાલુકા ભાજપ પ્રમુખ ભીમજી જોધાણી, એપીએમસીના પુર્વ ચેરમેન કાનજીદાદા કાપડી, હરેશ ભંડેરી,જેમલ રબારી, પ્રકાશ મહેશ્ર્વરી, મખણાના સરપંચ જેસાભાઇ રબારી, ઉપસરપંચ સામંતભાઈ, માધ્યમિક જીલ્લા શિક્ષણ અધિકારી પરમાર, સમગ્ર સ્ટાફ ગણ, માધ્યમિક શાળાના આચાર્ય બેન સમગ્ર સ્ટાફ સાથે વિધ્યાર્થીઓ તેમના વાલીઓ, આગેવાનો સીવજી રબારી, રવજી સીજુ, રવજી રબારી, લાખાભાઇ રબારી, વિક્રમ રબારી,ભરત રબારી વગેરે બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા, ગ્રામજનોના સહયોગ બદલ આભાર માનવામાં આવ્યો હતો.

## રાપરમાં સેવા પખવાડીયા અંતર્ગત જન ઉપયોગી કાર્યક્રમો યોજાયા

### ભારત વિકાસ પરિષદ દ્વારા સંસ્થાપકની જન્મ જયંતિ નિમિતે ભારતભરમાં સેવા પખવાડિયું ઉજવાયું

ભુજ તા.૧૬

ભારત વિકાસ પરિષદ શાખાના સંસ્થાપક ડો.સુર્યપ્રકાશજીની જન્મ જયંતિ ઉજવણી અંતર્ગત તા.૨૬ જુનથી ૧૨ જુલાઈ દરમ્યાન પુરા ભારત વર્ષમાં સેવા પખવાડીયા તરીકે ઉજવવાનું નક્કી થયા મુજબ રાપરમાં આ પખવાડીયા દરમિયાન વિવિધ સેવા પ્રકલ્પો યોજાયા હતા. ૨૬ જુનના નગાસર પથ પર રાપર રત્ન ડો.ત્રિકાલદાસજી બાપુ દ્વારા વૃક્ષારોપણ કરી સેવા પખવાડીયાનો પ્રારંભ કરાયો હતો, ૨૭ જુનના એક પેડ માં કે નામ અંતર્ગત ધારાસભ્ય વિરેન્દ્ર સિંહ જાડેજાની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. અને બગીચાનું નામ માં સ્મૃતિવન અને વોક વેનું નામકરણ વોક વે ટુ હેવન કરવામાં આવ્યું હતું. ૦૨ જુલાઈના રાપરની સેવા વસ્તી કથ્થડધાર પરની પ્રાથમિક સરકારી શાળામાં વિદ્યાર્થીઓના હેલ્થ ચેકઅપ કરી એમને હેલ્થ કાર્ડ વિતરણ કરવામાં આવ્યાં હતાં. ૦૪ જુલાઈના અયોધ્યાપુરી વિસ્તારની સરકારી કન્યાશાળામાં ગુરૂવંદન છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજ્યો હતો, જેમાં સ્વામી વિવેકાનંદ નિર્વાણ દિવસ અને ભારત વિકાસ પરિષદ રાપર શાખાના સ્થાપના દિવસની ઉજવણી કરાઈ હતી, આ કાર્યક્રમ અંતર્ગત તેજસ્વી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા, આ પ્રસંગે રાપર રત્ન ડો.ત્રિકાલદાસજી બાપુનું પ્રેરક વક્તવ્ય યોજયું હતું. ૦૭ જુલાઈના સેવા સાધના છાત્રાલયમાં રહેતા ૧૦૦ વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય પરિક્ષણ કરાવી એમને હેલ્થ કાર્ડ અપાયાં હતાં, ૦૯ જુલાઈના રાપરની પીરધાર વિસ્તારમાં પ્રિન્સીપલ સીવીલ જજ સન્યાલ, પોલીસ સબ ઈન્સ્પેકટર સોલંકી, નાયબ ટી.ડી.ઓ ગઢવી,બેંક મેનેજર કપીલ અંતાણી અને રાજીવ રંજન ઝા, ચીફ ઓફિસર જાડેજા સહિત સરકારી અધિકારીઓની હાજરીમાં કાનુની જાગૃતિ શિબિર યોજાઈ હતી, ૧૨ જુલાઈના સેવા પખવાડીયાની પૂર્ણાહુતિ મંદબુદ્ધિ સંસ્થામાં આવા લોકોને ભોજન કરાવીને કરી હતી, કાર્યક્રમ બાદ નાસ્તો કરાવાયો હતો.

## અંજાર અનુ.જાતિ સામુદાયિક ખેતી સહકારી મંડળીમાં વહીવટદારની નિમણૂક

અંજાર, તા.૧૬

શ્રી અંજાર તાલુકા અનુ. જાતિ સામુદાયિક ખેતી સહકારી મંડળી લી. મુ. ધમડકા (હાલ. ચાંદરાણી) તા.અંજાર- કચ્છના સભાસદો તથા અન્ય લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે જિલ્લા રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ, ભુજ-કચ્છના હુકમ ક્રમાંકઃસકક/૦૧/ગ-૨/૪૬૬/૨૦૨૪ તારીખઃ ૩૧/૫/૨૦૨૪મુજબઅંજારતાલુકા અનુ.જાતિ સામુદાયિક ખેતી સહકારી મંડળી લી. મુ. ધમડકા (હાલ. ચાંદરાણી)તા. અંજાર-કચ્છની વ્યવસ્થાપક કમિટીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઇઓને ધ્યાને લઇ બરતરફ કરવામાં આવેલી છે. આ મંડળીના વહીવટદાર તરીકે શ્રી એમ.એમ. પરમારની નિમણૂક કરવામાં આવી છે તેમ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓની કચેરી ભુજ કચ્છની અખબારીયાદીમાં જણાવાયું છે.

## ભુજમાં વરસાદના પગલે સેવાકીય કાર્યો કરાયા



ભુજ તા.૧૬

ભુજમાં સોમવારે સાંજે પડેલા દોઢ ઈંચ વરસાદના પગલે ભૂંગાંઓ અને ઝુંપડાઓમાં રહેતા પરિવારોને ખાદ્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જરૂરિયાત મંદોને છત્રી અને ટોર્ચ પણ આપવામાં આવી હતી આ સેવા કાર્યો માટે મુંબઈ મલાડના રાજુલ બીપીનચંદ્ર બુચ તેમજ મનોજ સોલંકી તેમજ રામુ પટેલ ના સહયોગ મળ્યો હતો આ સાથે જીવ દયા પ્રવુતિમાં બંકિમ ગિરીશચંદ્ર પટણી ભુજ તેમજ વડોદરાના જાગૃતી કેતન અંતાણીના સહયોગથી સેવાકાર્યો કરાયા હતા આ કાર્યમાં સત્યમ સંસ્થાના દર્શક અંતાણી, નર્મદા ગામોટ, મનજી ગામોટ, નરેન્દ્ર સ્વાદિયા, નયન શુક્લ અને લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટના હેમેન્દ્ર જણસારી સહિતના જોડાયા હતા ચોમાસા દરમ્યાન આવી ઝુંપડપટ્ટી માં ભારે મુશ્કેલી અનુભવે છે ત્યારે આ સેવાકાર્યોથી તેમને રાહત મળી હતી ચોમાસા દરમ્યાન સંસ્થા દ્વારા આવા કાર્યો નિયમીત રીતે કરાય છે.

## સેવા,સદભાવના તથા જીવદયાના કાર્યો કરવાની પ્રેરણા આપતા જૈન ગુરૂ ભગવંત

### ગાંધીધામ ચિંતામણી દેરાસર મધ્યે સાધ્વીજીઓ મ.સા.નો વાજતે ગાજતે ચાતુર્માસ પ્રવેશ










ગાંધીધામ તા.૧૬

અહીંના જૈન સંઘ ના આંગણે સાધ્વીજી ચિત્રગુણાશ્રીજી, સાધ્વીજી ચારૂનયનાશ્રીજી મ.સા. ગાંધીધામના જ ચારુક્રિયાશ્રીજી મ.સા.(જીતુ બેન)આદિ ઠાણા ૯ નો ચાતુર્માસ પ્રવેશ શ્રી શ્વેતામ્બર જૈન સંઘ ચિંતામણી દેરાસર મધ્યે હતો. લિલાશાહ સર્કલથી વાજતે ગાજતે સામૈયા દ્વારા ચિંતામણી જૈન દેરાસરમાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. પ્રવેશ દરમિયાન નવકાર, મહિલા મહિલા મંડળ તથા કલા પૂર્ણ મહિલા મંડળ દ્વારા સુંદર પ્રસ્તુતિ રજૂ કરી હતી, પ્રવેશમાં લોકો નો ઉત્સાહ જોવા મળ્યો હતો. આર.એસ.એસ., વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળના કાર્યકર્તાઓએ પણ પ્રવેશમાં ગુરુભગવંતના આશીર્વાદ મેળવ્યા હતા તથા વ્યાખ્યાનોમાં સદકાર્યો કરવાની પ્રેરણા પણ મેળવી હતી. જૈન ઉપાશ્રયમાં પહોંચ્યા બાદ આચાર્ય ભગવંત શ્રીઅનંતયશ સૂરીશ્વરજી મા.સા.એ વ્યાખ્યાનમાં સેવા, સદભાવના તથા જીવદયાના કાર્યો કરવાની પ્રેરણા આપી હતી, ચાતુર્માસ દરમિયાન જૈન ગુરુભગવંત એકજ સ્થાને રોકાતા હોય છે. શ્રી શ્વેતામ્બર જૈન સમાજના પ્રમુખ ચંપાલાલજી પારેખ,મંત્રી જીતુભાઈ છેડા, મૂળચંદ વોરા તથા જૈન સમાજ ના ટ્રસ્ટીઓ અને આગેવાનો હાજર રહ્યા હતા, શ્રી સંઘની સવારની નવકારશીનો લાભ વોરા પ્રાગજી દલિચંદ પરિવારે લીધો હતો.

## વાસણા સંભવનાથ જિનાલય મધ્યે જૈન મુનિઓનો ચાતુર્માસ પ્રવેશ થયો



અમદાવાદ તા.૧૬

વાસણા સંભવનાથ જિનાલય મધ્યે જૈનાચાર્ય વિજય જિનચંદ્રસૂરીશ્વરજી મ.સા.પ્રેરિત પૌષધશાળા જ્ઞાન મંદિર ખાતે અચલગચ્છીય ગુરુ ગુણોદયના પ્રભાવક શિષ્ય મુનિ પ્રિયંકર સાગરજી મ.સા. આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ ગુરૂભક્ત નરેશ રતિલાલ શાહના આંગણેથી જ નીકળેલ શોભાયાત્રા સંઘના ઉમંગના માહોલ વચ્ચે ઠાઠ માઠથી ઢોલ-શરણાઈના નાદે થયો હતો. વાસણા સંઘની સાથે અચલગચ્છ સંઘનાય શ્રાવક શ્રાવિકાઓ એ પણ પ્રસંગની અનુમોદના કરી હતી. આ અવસરે ગુરૂપૂજનનો લાભ અચલગચ્છ જૈન સંધે તથા ચાતુર્માસ દૈનિક પ્રવચનોના સૂત્રધિકાર શાંત સુધારસ ગ્રંથ, અમરકુમાર સુરસુંદરી ચરિત્ર વહોરવાનો લાભ માંડલ નિવાસી હર્ષાબેન સતિષ ગાંધી પરિવારે લિધો હતો. ધર્મસભાના શુભારંભે ગુરુજનોને વંદન, માંગલિક, શ્રવણ, સ્વાગત પ્રવચન- ગીત, મંગલ મહુંલીગાન સાથે સંગીતકાર સોમીલ શાહ દ્વારા ગીત સંગીતની રમઝટ વચ્ચે જૈન મુનિ સહ રત્નોદયસાગરજી, રાજપ્રિયસાગરજી એ પ્રવેશ કર્યો હતો. પ્રસંગોચિત પ્રવચન કરતાં મુનિ પ્રિયકરસાગરજીએ ચાતુર્માસિ એ સત્સંગ, ભક્તિ, મૈત્રી શુદ્ધિનું પર્વ છે, સર્વેધર્મમાં ચતુર્માસને મહત્વ અપાયું છે, સમ્યગ્ દર્શન પ્રાપ્તિનો ધ્યેય જૈન ધર્મમાં દર્શાવવામાં આવેલ છે.

આ શુભ અવસરને સફળ બનાવવા નરેશ, પારસ, લાલા, ભાવિન, પ્રણવ, પિયુષ વગેરેએ જહેમત ઉઠાવી હતી, આ પ્રસંગે સંઘપૂજન અને સાધર્મિક ભક્તિનું પણ આયોજન થયું હતું.

## માંડવીમાં આશ્રમવાસી નિરાધાર વડીલોના જન્મદિવસની ધામધૂમથી ઉજવણી કરાઈ



### ભુજ સ્થિત જૈન સેવા સંસ્થા દ્વારા ઉજવણીમાં આશ્રમવાસીઓને નવાં વસ્ત્રોની સોગાદ સાથે ભાવતાં ભોજન અપાયાં

ભુજ તા.૧૬

સામાન્ય રીતે સ્નેહી, સંબંધી, મિત્રવર્તુળ વિગેરેના જન્મદિવસે પરિવારજનો સાથે મળી ઉજવણી કરતા હોય છે પરંતુ આશ્રમવાસી, નિરાધાર, મનોરોગી, દિવ્યાંગો, વડીલો કે જેમને ઘરમાંથી જાકારો મળતાં વૃધ્ધાશ્રમ જ એકમાત્ર સહારો હોય, તેમનો જન્મદિવસ કોણ કોણ મનાવે ? કોણ તેમને ખુશ કરે ? આ એક યક્ષ પ્રશ્ન છે,પરંતુ સ્વ.ચેતન મહેતાની સ્મૃતિમાં ૧૫ વર્ષથી વિવિધ સેવાક્ષેત્રે સતત કાર્યરત જૈન સેવા સંસ્થા, નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર આવા સુકાર્યો કરતી આવી છે. તા.૧૪/૭ ના મેઘજી સેજપાલ જૈન આશ્રમ માંડવીમાં, આ સંસ્થાના ઉપક્રમે, એક ઉમદા માનવતાવાદી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાતા જગદીશ ઝવેરીલાલ શાહ હસ્તે રાજેન્દ્ર મહેતાના સહયોગથી, આશ્રમવાસી મનોદિવ્યાંગ વડીલ કિશોરભાઈ ગાલા, ઉ.વ.૮૫ તથા માતા હંસાબેન જીવરાજ શાહ, ઉ.વ.૮૧ ના જન્મદિવસની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ૧૦૦ જેટલા વડીલ આશ્રમવાસી મનોરોગી ભાઈ-બહેનો સાથે સંસ્થાના ૧૨ કાર્યકરો ઉત્સાહભેર જોડાયા હતા.

જૈન આશ્રમના પ્રાંગણમાં સંસ્થાના પ્રમુખ વી.જી.મહેતાના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમનો શુભારંભ મંત્રાધિરાજ નવકાર મહામંત્રના સમૂહ ભાષ્ય જાપ સાથે કરાયો હતો, જેમનો જન્મદિવસ હતો તે વડીલોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમના શ્રીગણેશ કરાયા હતા. આશ્રમના મેનેજર અનિલ ટાંકે આવો કાર્યક્રમ પ્રથમવાર યોજાયો હોવાનું જણાવી ખુશી વ્યક્ત કરી નવચેતન પરિવારને બિરદાવ્યો હતો. આશ્રમવાસી વડીલો માટે નવકારધૂન, ધાર્મિક અંતાક્ષરી, કોન બનેગા જ્ઞાનવીર, ૧ મીનીટ ગેમ, તોલમોલ કે બોલ વિગેરે કાર્યક્રમોનું આયોજન કરાયું હતું, જેમાં દરેક આશ્રમવાસી ભાઈ-બહેનો જોડાયા હતા,વિજેતાઓને પુરસ્કૃત કરાયા હતા અને દરેકને આશ્વાસન ઈનામો આપવામાં આવ્યાં હતાં.

બંન્ને વડીલોના મસ્તકે કુમ-કુમ તીલક કરી, અક્ષતથી વધાવી, સાલ ઓઢાડી જન્મદિવસની શુભકામનાના હર્ષનાદ સાથે તેઓનું અભિવાદન કરી તેમના નિરામય, સુખી દીર્ઘાયુ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

આ સમયે સમગ્ર પરિસર ભાવવિભોર બન્યું હતું અને ખુશાલીમાં ૫૦ જેટલા આશ્રમવાસી બહેનોને, સાડી, ચુની, ચંપલ, લેગીંસ અને ભાઈઓને ટીશર્ટ આદિની સોગાદ આપી દરેકને ભાવતાં મિષ્ઠાન ભોજન જમાડયાં હતાં. આ કાર્યક્રમને સુપેરે પાર પાડવા સંસ્થાના પ્રમુખ વી.જી. મહેતાના નેતૃત્વમાં, પ્રોજેકટ ચેરમેન હિરેન દોશી, પ્રદિપ દોશી, શાંતિલાલ મોતા, સી.સી.જોશી, ડૉ. રૂપલીબેન મોરબીયા, મીનાબહેન મોતા વિગેરેએ જહેમત ઉઠાવી હતી, ઈન્નરવ્હીલ કલબ-માધાપરના બહેનો, ઉપસ્થિત રહી સેવામાં જોડાયા હતા. અનસુયાબેન શાહ તથા જયશ્રીબેન ગિરનારીએ વ્યવસ્થા સંભાળી હતી, કાર્યક્રમનું સંચાલન શાંતિલાલ રાજગોરે અને આભારવિધિ અનિલભાઈ ટાંકે કરી હતી.

## વર્તમાન સમય સાહિત્ય અને અનુવાદ કળા માટે સુવર્ણકાળ




### કચ્છ યુનિવર્સિટી તથા નોલેજ કન્સોર્સીયમ ઓફ ગુજરાત અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ટ્રાન્સલેશન થિયરી એન્ડ પ્રેક્ષિસ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ નો પ્રારંભ

ભુજ તા.૧૬

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી તથા નોલેજ કન્સોર્સીયમ ઓફ ગુજરાત અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૬ થી ૨૦ જુલાઈ દરમિયાન ટ્રાન્સલેશન થિયરી એન્ડ પ્રેક્ષિસ વિષય પર ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે, જેના પ્રથમ દિવસે ઉદઘાટન હમીરજી રત્નું લોકસાહિત્ય કેન્દ્રના સ્થાપક તથા પ્રખર અનુવાદક પુષ્પદાન ગઢવીની અધ્યક્ષતામાં યોજાયું હતું.

કેસીજીના પ્રતિનિધિ ડો.મહેશ પટેલ, કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના પ્રોફેસર ડો. અજયસિંહ ચૌહાણ, કચ્છ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો. કાંતિ ગોર ઉપસ્થિત રહ્યા હતા.

યુનિવર્સિટી ગીત અને દીપ પ્રાગટ્ય બાદ કાર્યક્રમની શરૂઆત ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામના સંયોજક ડો.કાશ્મીરા મહેતા દ્વારા કાર્યક્રમની ભૂમિકા તથા મહેમાનોના શાબ્દિક સ્વાગત કરવામાં આવી હતી. મહેમાનોને હમીરજી રત્નું લોકસાહિત્ય કેન્દ્ર તરફથી કચ્છ દર્શન પુસ્તક વડે અભિવાદન કરવામાં આવ્યું હતું. કેસીજીના પ્રતિનિધિ મહેશ પટેલે એમના વક્તવ્યમાં કેસીજી ના તમામ પ્રોજેક્ટ ગ્રાન્ટની માહિતી આપી ઉપસ્થિત સૌને લાભાન્વિન થવા પ્રેર્યા હતા. તેમણે અનુવાદ કળાની સજ્જતા અને ગંભીરતા વિશે વાત કરી હતી, જ્યારે કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના પ્રોફેસર ડો. અજયસિંહ ચૌહાણએ વિશ્વવિદ્યાલયમાં અનુવાદકલા પર યોજાનાર આ પ્રકારના કાર્યક્રમની આવશ્યકતા વિશે વાત કરતાં તેમણે જણાવ્યું કે, સાત દિવસ યોજાનાર આ પ્રોગ્રામમાં ઉપસ્થિત થનાર દરેક તજજ્ઞની પસંદગી ખૂબ જ યોગ્ય રીતે કરાઈ છે.પૂર્વ સાંસદ અને હમીરજી રત્ન લોકસાહિત્ય કેન્દ્રના પુષ્પદાનભાઈ ગઢવીએ અધ્યક્ષીય ઉદબોધનમાં સૌને સજાગતા પૂર્વક આ પ્રકારના પ્રોગ્રામમાં ભાગ લેવો જોઈએ તેવી પ્રેરણા આપી વર્તમાન સમય સાહિત્ય અને અનુવાદ કળા માટે સુવર્ણકાળ ગણાવ્યો હતો. આખા દિવસના આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં પ્રથમ બેઠકના તજજ્ઞ તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રોફેસર ડો. કમલ મહેતાએ લીટરરી ટ્રાન્સલેશન વિષય પર વક્તવ્ય આપ્યું હતું. તેમણે મશીન ટ્રાન્સલેશન અને વૈયક્તિક ટ્રાન્સલેશન વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ કરી, સાહિત્યમાં અનુવાદના જુદા-જુદા ઉદાહરણો દ્વારા વિષયની સમજ પૂરી પાડી હતી, બીજી બેઠક સરદાર વલ્લભભાઈ પટેલ, વિદ્યાનગરના ઈતિહાસ વિભાગના અધ્યાપક ડો.હેમંત દવે દ્વારા અનુવાદમાં ભાષા સંરચનાગત પ્રશ્નો વિષય પર વક્તવ્ય આપતા અનુવાદમાં ભાષા વિષયક સજ્જતા વિષય પર વિશેષ વાત કરી હતી, પ્રથમ દિવસની અંતિમ બેઠકના તજજ્ઞ તરીકે આણંદ એગ્રીકલ્ચર યુનિ.ના અધ્યાપક ડો. સહદેવ લુહાર રહ્યા હતા,તેમણે ટ્રાન્સલેટિંગ ઓરલ સ્ટોરીસ વિષય પર વક્તવ્ય આપ્યું હતું. આવતીકાલે પ્રખ્યાત લેખક અને અનુવાદક એવા હરીશ મીનાશ્રુ, મણીલાલ પટેલ તથા સયાજીરાવ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના પ્રખ્યાત લેખક અને અનુવાદક એવા સચિન કેટકરના વક્તવ્ય યોજાશે. ઉદ્ઘાટન સત્રમાં આભારવિધિ કચ્છ યુનિવર્સિટીના કુલસચિવ ડો. અનિલ ગોરે કરી હતી.

## એમ.આર.આઈ.નું નિદાન સચોટ હોય તો સારવાર અસરકારક નિવડે

ભુજ તા.૧૬

અકસ્માત, પડી- આખડી જવાથી કે કોઈ અન્ય કારણોસર યુવાનો વડીલો અને બાળકોમાં ખભાની ઈજાનું પ્રમાણ વધુ જોવા મળતું હોવાથી, ઓર્થો ડોક્ટર્સને ઓપરેશનમાં કે સારવારમાં સરળતા રહે એ માટે એમ.આર.આઇ. મારફતે વધુ આધુનિક અને સચોટ રીતે નિદાનાત્મક પરીક્ષણ કરવા જી.કે.જનરલ અદાણી હોસ્પિટલમાં રેડીયોલોજી સેમિનાર યોજાયો હતો. હોસ્પિટલ કોન્ફરન્સ ખંડમાં યોજાયેલા આ સેમિનારમાં ભાવનગરના ડો. વિપુલ સોલંકીએ ખભાના જુદા જુદા એંગલથી લેવાતા એમ.આર.આઈ.નું હેન્ડઝોન નિદર્શન કરી કહ્યું કે, એમ. આર. આઇ. નું નિદાન જેટલું સચોટ એટલી સારવાર અસરકારક બનશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત મેડિકલ કોલેજના ડીન ડો.એ.એન.ઘોષ, જી.કે.ના રેડિયોલોજી વિભાગના હેડ ડો. ભાવેન શાહ,ગુજરાત મેડિકલ કાઉન્સિલ તરફથી ગાંધીધામના જાણીતા ઓર્થો સર્જન ડો. બળવંત ગઢવી, જી.કે.ના ઓર્થો સર્જન ડો.વિવેક પટેલ જી.કે.ના રેડીયોલોજિસ્ટ ડો.શિવમ કોટક અને રેડિયોલોજિસ્ટ ઉપસ્થિત રહ્યા હતા.



જી.કે.જન.અદાણી હોસ્પિટલમાં ખભાની ઇજાના રેડિયોલોજી નિદાનાત્મક પરીક્ષણ માટે સેમીનાર યોજાયો

## નવજાતને ચેપ સામે સુરક્ષા કવચ પૂરું પાડવા માતાની સાથે રાખવું જરૂરી

### જી.કે.જનરલ અદાણી હોસ્પિટલમાં યોજાયેલી કોન્ફરન્સમાં નવજાતને ઇન્ફેક્શન સામે રક્ષણ આપવા તજજ્ઞોએ માર્ગદર્શન આપ્યું



ભુજ તા.૧૬

જી.કે.જન.અદાણી હોસ્પિટલમાં ગેઈમ્સ દ્વારા નવજાતને લાગતા ઈન્ફેક્શન સામે રક્ષણ આપવા યોજાયેલી કોન્ફરન્સમાં જયપુર, ચેન્નાઈ અને ગાંધીધામના તજજ્ઞોએ ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરું પાડ્યું હતું, જેમાં કચ્છના બાળરોગ તબીબો પણ ઉપસ્થિત રહ્યા હતા. જી.કે. જનરલ અદાણી હોસ્પિટલમાં ગેઈમ્સ અંતર્ગત બાળરોગ વિભાગ દ્વારા નવજાત શીશુમાં જોવા મળતા ચેપ (ઈન્ફેક્શન)ની સામે સજ્જડ સુરક્ષા કવચ પૂરું પાડવાના ઉપાયો અને સારવાર માટે આયોજિત કોન્ફરન્સમાં રાજ્ય સ્તરના પીડિયા તજજ્ઞોએ જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ગેઈમ્સના મેડિકલ ડાયરેક્ટર ડો.બાલાજી પિલ્લાઈએ સ્વાગત કરી વર્તમાન સમયમાં આવા આયોજનનો હેતુ તબીબોના જ્ઞાનમાં વૃદ્ધિ કરી સારવાર વધુ સઘન બનાવવાનો છે એમ જણાવ્યું હતું. જી.કે.ના કોન્ફરન્સ હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં જયપુરના ડો.ગુંજનાકુમારે નવજાતમાં ચેપ ઘટાડવાની પ્રથમ શરત સાફ સફાઈને ગણાવી જણાવ્યું કે, ડિલિવરી પહેલાં અને પછી માતાની શારીરિક સફાઈ આવશ્યક છે. તબીબોએ પણ હેન્ડ વોશ સામગ્રી સહિતના ઉપાયો તરફ વિશેષ ધ્યાન આપવાની સલાહ આપી હતી, તેમણે નવજાતને માતા સાથે રાખવાથી પણ બાળકને ચેપ સામે રક્ષણ મળે છે એવું ઉમેર્યું હતું.

ચેન્નાઈના ડો.મની કુમારે ઈન્ફેક્શનના લક્ષણો અંગે જણાવ્યું કે, બાળકોમાં આવું સંક્રમણ વિશિષ્ટ હોય છે. શરીરમાં સોજા, તાવ, ઝાડા, ઉલ્ટી વિગેરેથી પણ ઈન્ફેકશનનો ખ્યાલ આવી જાય છે. જ્યારે ગાંધીધામના ડો.વિકાસ ગોયેલે સંક્રમણ સામે સારવાર ઉપર પ્રકાશ પાડ્યો હતો. જી.કે.ના બાળરોગ નિષ્ણાત ડો. સંદીપ ટીલવાણીએ જણાવ્યું કે, વયસ્કો, યુવાનોની સરખામણીમાં બાળકોને ચેપ વધુ લાગતો હોવાથી સાવધ રહેવું જરૂરી છે. આ પ્રસંગે બાળરોગ વિભાગના હેડ ડો.રેખાબેન થડાની, હેડ ઓફ મેડિકલ એડમિન ડો. સ્વપ્રિલ તેમજ બાળરોગ નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act




# ભારતમાં રડવું, હસવું અને હાર્ટ ઈમોજીસનો સૌથી વધુ ઉપયોગ



જાણ્યું અજાણ્યું
ડો.મિહિર એમ.વોરા

દર વર્ષે ૧૭ જુલાઈને સમગ્ર વિશ્વમાં ઈમોજી ડે તરીકે ઉજવવામાં આવે છે.વિશ્વભરમાં સંદેશાઓની આપ-લે કરવા માટે ઈમોજીસનો વ્યાપક ઉપયોગ થાય છે. ઈમોજીસ એ લાગણીઓ વ્યક્ત કરવાની એક રીત છે જેને કાર્ટૂન કેરેક્ટરના રૂપમાં રજૂ કરવામાં આવ્યું છે. આ માટે કોઈ લેખનની જરૂર નથી. દર વર્ષે ૧૭ જુલાઈને સમગ્ર વિશ્વમાં ઈમોજી ડે તરીકે ઉજવવામાં આવે છે. જાણો ઈમોજી વિશેના કેટલાક અજાણ્યા તથ્યો.. સૌથી વધુ ઉપયોગમાં લેવાય છે.ઈમોજી એક રિપોર્ટ અનુસાર, વિશ્વમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાય છે ક્રાઈંગ લાફિંગ ઈમોજી. આ ઈમોજીનો ઉપયોગ હસતાં અને આંસુ લૂછવા માટે થાય છે.અભ્યાસ અનુસાર, ભારતમાં રડવું, હસવું અને હાર્ટ ઈમોજીસનો સૌથી વધુ ઉપયોગ થાય છે.૨૦૦૦ વર્ષમાં ૧૦૦૦ સ્માઈલી ફેસ ધરાવતી ઈમોજી લાઈબ્રેરી રિલીઝ કરવામાં આવી હતી અને ત્યારથી નેટિઝન વિવિધ ભાવનાઓ વ્યક્ત કરવા માટે આ એનિમેટેડ ઈમેજનો ઉપયોગ કરી રહ્યા છે. આજે, વિશ્વ ઈમોજી દિવસે, ચાલો સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા કેટલાક ઈમોજી વિશે જાણીએ. ૫ ફેસ ઈમોજી - પછી તે હાર્ટી લાફ હોય કે પ્રેમથી ભરેલું હૃદય, આ ઈમોજી રીડર પર એક શક્તિશાળી અસર છોડે છે. સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ફેસ ઈમોજી છે:કિસ ઈમોજી - ૫ હેન્ડ્ઝ ઈમોજી - આ સ્માઈલી દ્વારા કોઈનું અભિવાદન કરવું ખૂબ જ સરળ બનાવવામાં આવ્યું છે. તમે હાથ મિલાવી શકો છો, હાઈ ફાઈવ આપી શકો છો, તમારી આંગળીઓ ક્રોસ કરી શકો છો અને હેન્ડ્ઝ ઈમોજી વડે ઘણું બધું વ્યક્ત કરી શકો છો. થમ્બ્સ અપ ઈમોજી - ઑલ ઓકે ઈમોજી - હાઈ ફાઈવ ઈમોજી - શેક હેન્ડ્સ ઈમોજી-એનિમલ ઈમોજી -પ્રાણીઓ અને મનોરંજન માટે તેમના સ્નેહને પ્રદર્શિત કરવા માટે, લોકો એનિમલ ઈમોજીનો ઉપયોગ કરે છે. ફૂડ ઈમોજી - પિઝા, બર્ગર, આઈસક્રીમ, ફ્રૂટ્સ, કેક, કૉફી વગેરે જેવી વિવિધ ખાદ્ય વસ્તુઓ દર્શાવવા માટે ઘણી સ્માઈલી બનાવવામાં આવેલ છે. ભાવનાઓ તેમજ ભાવનાઓને વ્યક્ત કરવા માટે અનેક ઈમોજી ઉપલબ્ધ છે. તમે માત્ર સ્માઈલીનો ઉપયોગ કરીને અને કમ્યુનિકેટ કરીને આ વિશ્વ ઈમોજી દિવસની ઉજવણી કરી શકો છો. વિશ્વ ઈમોજી દિવસની ઉજવણી કરવા માટે તમે શું પ્રવૃત્તિઓ કરો છો તે અમને જણાવો. ઈમોજી સાથે મજા કરતી વખતે સાઈબર-સુરક્ષિત રહેવાની વિનંતી કરવામાં આવે છે. તમારે હંમેશા સાયબર ફ્રોડ અને સાયબર-હુમલાથી વાકેફ રહેવું જોઈએ.

## ઇમોજીનો ઉપયોગ કેવી રીતે કરવો?

ઈમોજી બે જાપાનીઝ શબ્દો ઈ એટલે કે ઈમેજ અને મોજી એટલે કે પાત્રથી બનેલું છે. ઈમોજી એ એક નાનું ડિજિટલ ચિત્ર અથવા આઈકન છે જેનો ઉપયોગ લોકો લાગણી દર્શાવવા માટે કરે છે. સ્મિત, ખુશી, ઉદાસી વગેરે માટે અલગ-અલગ ઈમોજીસનો ઉપયોગ થાય છે. ભારતમાં ઉપયોગમાં લેવાતા સૌથી લોકપ્રિય સ્માઈલી છે .સ્માઈલીની શોધને કારણે વિવિધ ભાષા બોલતી વ્યક્તિઓ ભાષાના અવરોધ વિના અને કોઈપણ સંકોચ વિના એકબીજા સાથે સંપર્ક કરી શકે છે. એનિમેટેડ ચહેરાઓ અને ચિહ્નોએ લોકો માટે તેમની ભાવનાઓ વ્યક્ત કરવા માટે એક નવી ક્ષિતિજ ખોલી છે. ગ્રાફિક દ્વારા ભાવનાઓને વ્યક્ત કરવાની આ રીત દ્વારા લેખિત સંચારની દુનિયામાં હલચલ મચી ગઈ છે. હાલના ઈમોજી કલેક્શનમાં ફેરફાર કરવામાં આવે છે. બ્રેન્ડા યુલેન્ડે એકવાર કહ્યું હતું કે, દરેક વ્યક્તિ પ્રતિભાશાળી હોય છે કારણ કે પ્રત્યેક માનવ પાસે વ્યક્ત કરવા માટે કંઈક પ્રતિભા હોય છે, અને ઈમોજી કલેક્શન ચોક્કસપણે તેને પ્રમાણિત કરે છે. ઈમોજી માત્ર મજેદાર વાતચીતોનો ભાગ જ નથી, પરંતુ મજબૂત સંદેશ આપવા માટેના સાધન તરીકે પણ ગણવામાં આવે છે. ઉદાહરણ તરીકે સફેદ અને કાળા જેવા વિવિધ રંગોવાળા સ્માઈલી યુઝર્સને એન્ટી-રેશિયલ મેસેજ આપે છે.

**વિશ્વ ઇમોજી દિવસ ઉજવવાની શરૂઆત:** જાપાનના એક કલાકારને વિશ્વમાં ઈમોજીના પિતા કહેવામાં આવે છે. જાપાનની ટેલિકોમ કંપની NTT ડોકોમોમાં કામ કરતા કલાકાર શિગેતાકાએ પ્રથમ ઈમોજીની શોધ કરી હતી. તેને ઈમોજી દ્વારા મોબાઈલ પર ટેક્સ્ટ મોકલવાનો વિચાર આવ્યો. આ માટે ૨૨ ફેબ્રુઆરી ૧૯૯૯ ના રોજ શિગેતાકાએ ૧૭૬ રંગબેરંગી ઈમોજીનો સેટ તૈયાર કર્યો. તેમનો આ પ્રયોગ લોકોમાં ઘણો પ્રખ્યાત હતો. ત્યારબાદ, ૨૦૧૬ માં, શિગેટકાના ઈમોજી સેટને ન્યૂયોર્કના મ્યુઝિયમ ઑફ મોડર્ન આર્ટમાં રાખવામાં આવ્યો હતો. આ પછી ઈમોજી આખી દુનિયામાં ફેમસ થઈ ગયા. અને ત્યારથી, ૧૭ જુલાઈ વિશ્વ ઈમોજી દિવસ તરીકે ઉજવાય છે.

**ઇમોજી શું છે** ઘણા લોકો ઈમોજીને ઈમોટિકન સ્માઈલી કહે છે, પરંતુ તે માત્ર હસતા ચહેરાની ઈમેજ નથી. તે મનુષ્યની અભિવ્યક્તિનું ચિત્રણ કરે છે. આ એક પ્રકારના કાર્ટૂન હશે, જેના દ્વારા મનુષ્યની વિવિધ લાગણીઓ દર્શાવવામાં આવી છે.

# કચ્છમાં સાર્વત્રિક વરસાદ પણ.. જોઈએ એવો પડતો નથી






ભુજ તા.૧૬

સોમવારે કચ્છના ૪ તાલુકામાં દોઢથી અઢી ઈંચ વરસાદ પડ્યા બાદ બુધવારે પણ સાંજે ફરી વાતાવરણ કચ્છમાં પલ્ટાયુ હતુ અને ભુજ,નખત્રાણા,અબડાસા,માંડવી તથા ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદે હાજરી પુરાવી હતી જો કે કચ્છમા હજુ જોઈએ તેટલો વરસાદ પડ્યો નથી. તેવામાં વરસાદ ન પડલા હજુ પણ કચ્છમાં અસહ્ય ગરમીનો લોકો અહેસાસ કરી રહ્યા છે. જો કે તે વચ્ચે મંગળવારે પણ કચ્છમા વરસાદે હાજરી પુરાવી હતી અને ખાસ કરીને અબડાસા વિસ્તારમાં અનેક ગામોમાં ધોધમાર વરસાદ પડતા પાણી વહી નિકળ્યા હતા. તો લખપતમાં ભારે પવન ફુંકાયો હતો પરંતુ કેટલાક વિસ્તારોમાંજ વરસાદી ઝાંપટા પડ્યા હતા. જો કે નખત્રાણા તથા ભુજમાં સારા વરસાદી ઝાંપટા પડ્યા હતા સોમવારે અંજાર,ગાંધીધામ,ભુજ સહિતના તાલુકા મથકો પર ભારે પવન સાથે તોફાની વરસાદ પડ્યો હતો પરંતુ હજુ કચ્છમાં વરસાદે રોકાયો નથી મંગળવારે સૌથી વધુ વરસાદ અબડાસામાં અડધો ઈંચ નોંધાયો હતો જો કે મોથાળા,નેરડી,ખીરસરા,ઉકરી,બોહા સહિત અબડાસાના અનેક ગામોમાં ધોધમાર વરસાદને કારણે ગામમા પાણી વહી નિકળ્યા હતા.તો અંજારના ગ્રામ્ય વિસ્તાર તથા ભુજ,નખત્રાણા માંડવીમાં વરસાદે હાજરી પુરાવી હતી.કચ્છમાં વરસાદની ખેડુતો રાહ જોઈ રહ્યા છે. કેમેક હજુ વાવણી લાયક વરસાદ થયો નથી તેવામાં એકધારા વરસાદી માહોલ માટે ખેડુતો અને સામાન્ય નાગરીકો ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે.

## લખપતમાં ભારે પવન ફુંકાયો



લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર સહિત ઘડુલી, વિરાણી, માતાનામઢ, સુભાષપર,બરંદા, સારણ, સિયોત સહિતના મોટાભાગના ગામોમાં વાતાવરણમાં વરસાદી માહોલ તેમજ અસહ્ય ગરમી વચ્ચે માત્ર ઝરમર ઝાપટા રૂપે વરસાદ વરસ્યો હતો જોકે તાલુકાના સરદીય વિસ્તારના ગામો પીપર, રોડાસર, શેહ, લકી સહિતના ગામોમાં વરસાદનું પ્રમાણ વધારે હોવાથી માર્ગો પરથી પાણી વહી નીકળ્યા હતા ભારે પવનને આંધીને કારણે તાલુકાના મોટાભાગના વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો.લખપત તાલુકાના દયાપર, ઘડુલી, માતાનામઢ, સિયોત સહિતના વિસ્તારમાં વરસાદી માહોલ વચ્ચે પવનની જોરદાર આંધી ફુંકાઈ હતી તો બીજી તરફ ભારે પવનને કારણે હાઈવે માર્ગ પરના વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા અને પોતાના વાહનો ઉભા રાખવાની ફરજ પડી હતી. ભારે પવનને કારણે ધુળની ડમરીઓ ઉડી હતી

# વિજળીએ ખેડુત-પશુપાલક માટે મુશ્કેલી સર્જી





વરસાદ વચ્ચે અબડાસા-લખપતમાં વિજળીએ મુશ્કેલી સર્જી હતી લખપતના નાના ભાંડરાના ખેડુતની માલિકીના ખેતરમાં પવનચક્કી નું પાંખડું ખરી પડયું. હતુ જો કે સદનસીબે જાનહાનિ થઈ ન હતી ગત રાતે વરસાદમા વીજળી પડતા આ બનાવ બન્યો હોવાનું ખેડૂત રબારી ભીમા લધા એ જણાવ્યું સુઝલોન કંપનીની આ પવનચક્કી હતી ઘટના બાદ કંપનીના જવાબદારો દોડી આવ્યા હતા જો કે ખેડુતે જોખમ વચ્ચે આવા બનાવો અટકે તેવી માંગ કરી હતી કેમકે મોરના મોત સાથે પવનચક્કીથી સર્જાતા આવા અકસ્માતો જોખમી રીતે વધી રહ્યા છે. તો બીજી તરફ સોમવારે અબડાસાના લાખણીયામાં વીજળી પડતા ૨૦ ઘેટાં-બકરાના મોત થયા હતા રાત્રે વિજળી ત્રાટકતા શંકર મહેશ્વરી નામના માલધારીના ઘેટાં-બકરા વિજળી પડતા મૃત્યુ પામ્યા હતા એક સાથે ૨૦ પશુઓ મોતને ભેટતા ગરીબ માલધારી ઉપર આફત તૂટી પડ્યુ

# ગુજરાત સરકારે મેડિકલ કોલેજના ફી વધારા સામે ચોમેર વિરોધ બાદ ઘટાડો કર્યો

ગાંધીનગર,તા.૧૬

જીએમઈઆરએસ સંચાલિત મેડિકલ કોલેજની ફી મુદ્દે આખરે ગુજરાત સરકારે નમતુ જોખ્યું છે. ભાજપની ભગીની સંસ્થા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સહીતના વિવિધ વિદ્યાર્થી સંગઠનો એ, જીએમઈઆરએસ સંચાલિત મેડિકલ કોલેજની ફીમાં કરેલા તોતીગ વધારા સામે બાંય ચડાવી હતી. એબીવીપીના ટુંકા નામે ઓળખાતા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે ફી નહીં ઘટાડાય તો આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી. ફી વધારા સામે ચોમેરથી થયેલા વિરોધને પગલે, ગુજરાતસરકારે જીએમઈઆરએસ સંચાલિત મેડિકલ કોલેજની ફી ઘટાડવાની જાહેરાત કરી છે. ગુજરાતમાં જીએમઈઆરએસ સંચાલિત મેડિકલ કોલેજની ફીમાં વધારો જાહેર કર્યો હતો. જીએમઈઆરએસ ક્વોટાની ફી વધારીને રૂપિયા પાંચ લાખ પચાસ હજાર જાહેર કરી હતી. જ્યારે મેનેજમેન્ટ ક્વોટાની ફી વધારીને ૧૭ લાખ કરી દેવાઈ હતી.

આ ફી વધારો વર્તમાન શૈક્ષણિક સત્રથી જ લાગુ કરવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. જીએમઈઆરએસ સંચાલિત મેડિકલ કોલેજની ફીમાં વધારો જાહેર કરાતા ઠેર ઠેર તેનો વિરોધ થયો હતો. ખાસ કરીને રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે, ગુજરાત ભરમાં જીએમઈઆરએસ સંચાલિત મેડિકલ કોલેજોમાં આવેદનપત્ર આપ્યું હતું.

ગુજરાત સરકારે સત્તાવાર જાહેરાત કરી છે કે, જીએમઈઆરએસ સંચાલિત મેડિકલ કોલેજની ફીમાં જે વધારો જાહેર કર્યો હતો તેમાં ઘટાડો કરવામાં આવ્યો છે. પહેલા જીએમઈઆરએસ ક્વોટા ની ફી વધારીને રૂપિયા પાંચ લાખ પચાસ હજાર કરી દેવાઈ હતી તે હવે ત્રણ લાખ પંચોતેર હજાર કરાઈ છે. જ્યારે મેનેજમેન્ટ ક્વોટા ની ફી વધારીને ૧૭ લાખ કરી દેવાઈ હતી તે ઘટાડીને ૧૨ લાખ કરવામાં આવી છે.

## સરકારી તબીબોના ઈન્સેન્ટીવમાં વધારો કરવામાં આવ્યો

ગાંધીનગર, તા.૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણયો અંગે આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) અંતર્ગત સરકારી હોસ્પિટલોમાં લાભાર્થીઓને અપાતી સારવારનું ધોરણ વધારવા રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મંત્રી ઋષિકેશ પટેલે વધુ વિગતો આપતા ઉમેર્યું હતું કે, સરકારી હોસ્પિટલોને મળતી PMJAYની આવકમાંથી હોસ્પિટલોના ડોક્ટર, પેરા-મેડીકલ સ્ટાફ અને અન્ય સપોર્ટ સ્ટાફને અપાતા ઈન્સેન્ટીવમાં મોટા પ્રમાણમાં વધારો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. હાલ મળતા ઈન્સેન્ટીવ માં આશરે ૧૦ થી ૧૫ ગણો વધારો થશે.અગાઉ PM-JAYના કુલ લાભાર્થી ઓમાં ફક્ત SECC (BPL યાદી વાળા) લાભાર્થી પેટે થતી આવક જ ઈન્સેન્ટીવ માટે વિતરણને પાત્ર હતી. જેમાં ફેરફાર કરી હવે ઈન્સેન્ટીવ આપવા માટે PMJAYની સંપૂર્ણ આવકને ધ્યાને લેવામાં આવશે.

અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં કુલ આવકના ૨૫ % શેયર થશે. આણંદ, મહેસાણા, જામનગર, નવસારી જેવા મુખ્ય શહેરોના નજીક આવેલ જિલ્લાની હોસ્પિટલોમાં શેયર ૩૫% રહેશે, જ્યારે રાજ્યના આદિજાતિ વિસ્તારના જિલ્લાઓ, અંતરિયાળ વિસ્તારવાળા જિલ્લાઓમાં શેયર ૪૦% થશે. રાજ્યમાં PM-JAY અંતર્ગત અત્યારે થતા કુલ ક્લેઈમના ૧૮ ટકા ક્લેઈમ સરકારી હોસ્પિટલમાં થાય છે. આ ક્લેઈમની સંખ્યાને વધારીને એક વર્ષમાં ૨૫ ટકા અને બે વર્ષમાં ૩૦ ટકા ઉપર લઈ જવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

## સુંદરપુરી મર્ડરના ગુન્હાના આરોપીઓ ઝડપાઈ ગયા



ગાંધીધામ તા.૧૬

ગાંધીધામ એ-ડિવીઝન પોલીસે સુંદરપુરીમાં સામાન્ય બોલાચાલીમાં થયેલ મર્ડરના બંન્ને આરાપીઓને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા છે. ગાંધીધામ એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં આજે ક.૦૨/૦૫ વાગ્યે ગુનો જાહેર થયેલ જેથી પોલીસ ઈન્સપેક્ટર એમ.ડી.ચૌધરી એ ઉપરોક્ત ગુન્હાના આરોપીઓને શોધવા પોલીસની અલગ અલગ ટીમ બનાવી આરોપી શોધી પકડવા સુચના તથા માર્ગદર્શન આપેલ જે અન્વયે ગાંધીધામ એ ડિવીઝન પોલીસ સ્ટેશન સ્ટાફના માણસોએ હ્યુમન શોર્સ તથા ટેકનીકલ એનાલીસીસની મદદથી આરોપીઓ મૂળ મધ્યપ્રદેશના હાલે સુંદરપુરીમાં રહેતા અશોક કરણસિંગ કીર ઉ.વ.૨૫, અને અજય ઈશ્વરલાલ માલવી ઉવ.૨૨ બંન્નેને શોધી પકડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ બનાવની પોલીસ યાદી મુજબ વિગત એવી છે કે, આરોપી અજય માલવીએ સહ આરોપી અશોક કરણસિંગ પાસે ઉછીના પૈસાની માંગણી કરતા મરણ જનારે કહેલ કે, તું કોઈ કામધંધો કરતો નથી અને બીજા પાસે પૈસા માંગે છો આ નજીવી બાબતે આરોપી ઓ તથા મરણજનાર વચ્ચે બોલાચાલી થતા મરણજનારને આરોપીઓએ ધક્કો મારતા બાથરુમ સાથે ભટકાઈ નીચે પડી ગયેલ અને ત્યારબાદ આરોપી અજય માલવીએ મરણજનારને માથાના ભાગે લાકડાના પાટીયાથી માર મારતા મરણ નીપજ્યું હતું, પોલીસે પાટીયું કબ્જે કર્યું હતું.

આ કામગીરી પોલીસ ઈન્સ્પેકટર એમ.ડી.ચૌધરીની સુચનાથી સબ ઈન્સ. એમ.એચ.જાડેજા તથા ગાંધીધામ એ ડિવીઝન પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

## નિતા ચૌધરી અંતે એટીએસના હાથે ઝડપાઈ




ભુજ તા.૧૬

કચ્છ સહિત ગુજરાતભરમાં ચર્ચાનુ કેન્દ્ર બનેલા કિસ્સામાં ફરાર નિતા ચૌધરી અંતે ઝડપાઈ ગઈ છે. દારૂની હેરફેર સાથે પોલીસ પર કાર ચડાવવાના કેસમાં કાયદાકીય ઉતાર-ચડાવ વચ્ચે નિતા ચૌધરી પોલીસને થાપ આપી ફરાર થઈ હતી જેને કારણે પોલીસ વિભાગમાં ભારે દોડધામ મચી હતી તેવામાં કચ્છ પોલીસ દ્વારા તેને પકડવા માટે ચક્રો ગતિમાન કરી અલગઅલગ ટીમ બનાવાઈ હતી પંરતુ તે હાથ લાગી ન હતી તેવામાં ગુજરાત એટીએસ એ તેને ઝડપી પાડી છે. પોલીસ સુત્રો તરફથી મળેલી વિગત મુજબ ફરાર સસ્પેન્ડેડ કોન્સ્ટેબલ નીતા ચૌધરી સુરેન્દ્રનગરના લીંબડી પાસેના એક ગામમાં રોકાઈ હતી જ્યાથી ગુજરાત એટીએસ એ તેની ધરપકડ કરી છે સુત્રોનુ માનીએ તો આ ગામમાં દારૂ તથા કાર ચડાવવાના કેસમાં તેની સાથે સામેલ બુટલેગરનુ સાસરૂ છે. કચ્છ પોલીસને મહિલા કોન્સ્ટેબલને હવાલો લઈ તેની વધુ પુછપરછ કરશે પુર્વ કચ્છ જીલ્લા પોલીસવડા સાગર બાગમારે જણાવ્યુ હતુ કે નિતાનો કબ્જો લઈ તેને જેલહવાલે કરવામાં આવશે.

# સરદાર સરોવર યોજનામાં જળસંગ્રહ ૫૨ ટકાને પાર



અમદાવાદ, તા.૧૬

હાલમાં દેશભરમાં પૂરજોશમાં ચોમાસું ખીલી ઉઠ્યું છે. સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત સહિત રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. જેના લીધે નદી-નાળા છલકાયા છે અને ડેમમાં પાણી આવક વધી છે. રાજ્યમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા વરસાદના પરિણામે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં જળસંગ્રહ ૫૨ ટકાને પાર કરી ગયો છે. સરદાર સરોવરમાં હાલમાં ૧,૭૫,૬૬૨ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૫૨.૫૮ ટકા જેટલો જળસંગ્રહ જ્યારે રાજ્યના કુલ ૨૦૬ જળાશયોમાં ૧,૯૧,૬૪૦ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૩૪.૨૧ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે.

મળતા અહેવાલ મુજબ સૌરાષ્ટ્ર વિસ્તારમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા અનારાધાર વરસાદના પરિણામે ત્રણ જળાશયો સંપૂર્ણ છલકાયા છે. જેમાં જામનગર જિલ્લાનો વાગડીયા અને સસોઈ-૨ ડેમ તથા સુરેન્દ્રનગર જિલ્લાનો વાંસલ ડેમ ૧૦૦ ટકા ભરાતા હાઈ એલર્ટ અપાયું છે. આ સિવાય રાજ્યના પાંચ ડેમ ૮૦ ટકાથી ૯૦ ટકા ભરાતા એલર્ટ પર છે જેમાં જૂનાગઢના ઓઝત-૨ અને બાંટવા-ખારો ડેમ, મોરબીના ગોડાધ્રોઈ, રાજકોટના ભાદર-૨ તથા ભરૂચના ધોલી ડેમને એલર્ટ અપાયું છે. રાજ્યના કુલ સાત જળાશયો ૭૦ ટકાથી ૮૦ ટકા વચ્ચે ભરાતા વોર્નીંગ આપવામાં આવી છે જેમાં જામનગર જિલ્લાના ફુલઝર-૧, સુરેન્દ્રનગરના ધોળીધજા, ભરૂચના બલદેવા, કચ્છના કાલાઘોઘા, પોરબંદરના સારણ, રાજકોટના આજી-૨ તથા જામનગરના ફુલઝર(કે.બી.) ડેમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ,ઉત્તર ગુજરાતના કુલ ૧૫ જળાશયોમાં ૨૫.૪૨ ટકા, મધ્ય ગુજરાતના ૧૭માં ૩૭.૨૪ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૩૭.૭૮ ટકા, કચ્છના ૨૦માં ૨૨.૬૭ ટકા, જ્યારે સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૨૭.૭૫ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે.

## ગાંધીધામમાં કારમાં ૪૫ હજારના દારૂ સાથે શખ્શ ઝડપાયો




ગાંધીધામ તા.૧૬

ગાંધીધામ બી ડીવીઝન પોલીસે કાર્ગો યાદવનગરની ગલ્લી માંથી એક કારમાં ૪૫ હજારના દારૂ સાથે એક રાખ્શને પકડી પાડ્યો હતો. પ્રોહીબીશનની બદીને નાબૂદ કરવા પોલીસ ઈન્સપે. એસ.વી.ગોજીયા દ્વારા આ અસરકારક કામગીરી કરવા આપેલી સુચના અનવ્યે સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ વહેલી સવારના પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન મળેલ બાતમીના આધારે કાર્ગો યાદવનગર વિસ્તારની ગલીમાં તપાસ કરતા ગેરકાયદેસર વિદેશી દારૂ ભરેલ અલ્ટો કારમાં મેકડોવેલ્સ વિસ્કીની ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ:૧૨૦ કિ.રૂ. ૪૫,૦૦૦ મળી આવતા સંડોવાયેલ આરોપી ભરત માદેવા ભરવાડ (રહે.કાર્ગો યાદવનગર ગાંધીધામ) ની અલ્ટોકાર કિં. રૂ.૧,૫૦,૦૦૦ અને દારૂ જપ્ત કરી તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ કામગીરી ગાંધીધામ બી ડીવીઝન પોલીસ ઈન્સપેક્ટર એસ.વી.ગોજીયા,સબ ઈન્સ. એલ.એન.વાઢીયા તથા સર્વેલન્સ વિભાગના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામાં આવી હતી. દારૂબંધી હોવા છતા કચ્છ જેવા સરહદી જીલ્લામા પણ બેરોકટોક દારૂની હેરફેર થઈ રહી છે. જો કે પોલીસની કાર્યવાહી છતા શહેરી વિસ્તારોમાં ઈંગ્લીશ દારૂની છુટમાં હેરફેર થાય છે તે વાસ્તવીકતા છે.

